સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું
શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી - ૨૦૦૮
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

મહામંત્ર પ્રાગટ્યની ૨૦૬મી વર્ષગાંઠ પ્રસંગે ચાલો શાસ્ત્રોક્ત પ્રામાણિક વચનોથી સમજીએ...

## स्वामिनारायण મહામંત્રનો સાર્થક અર્થસભર મહિમા

મહામંત્ર પ્રાગટ્ય દિન : સં. ૧૮૫૮ માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧





વાઙ્મય સ્વરૂપ શિક્ષાપત્રીની ૧૮૨મી
જન્મજયંતી પ્રસંગે કોટિ કોટિ વંદના...
સં.૧૮૮૨ મહા સુદ-૫ (વસંતપંચમી)




શ્રી સ્વામિનારાયણ

# ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૭, તા. ૨૦-૦૧-૦૮

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 |
| U.S.A. | : £ 100 U.K. |

:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com


## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે..."

વચનામૃત પ્રથમપ્રકરણ : ૫૬

"...જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ' ભજન કરવું..." વચનામૃત લોયા પ્રકરણ : ૬

❖ ❖ ❖ ❖ ❖

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપના,
મનવા એહી મંત્રરાજ ઈષ્ટદેવ અપના...સ્વામિ૦૧
હરત ફરત કરત કામસ્વામિનારાયણ કૈયે,
મોહાદિક શત્રુ મીટે પરમાનંદ પૈયે...સ્વામિ૦૨
ઉરમે હરિરૂપ ધારી રસના ગુન ગાવે,
તાપર હરિ અધિક અધિક કરુણા વરસાવે...સ્વામિ૦૩
નિશદિન હરિનામજપે લોકલોજ ત્યાગી,
મુક્તાનંદ તાસમો નહિ દૂજો બડભાગી...સ્વામિ૦૪

- સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી કૃત - મહામંત્ર મહિમા કીર્તન

❖ ❖ ❖ ❖ ❖

સ્વામિનારાયણ મહામંત્ર છે, પ્રગટ હરિનું નામ;
આ અવસર જે કોઈ લેશે, તેનાં સરશે કામ...સ્વામિ૦૧
સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય;
સાંભળીને જમદુત તેને, દૂરથી લાગે પાય...સ્વામિ૦૨
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ...સ્વામિ૦૩
સ્વામિનારાયણ સમરીયે પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ...સ્વામિ૦૪

- સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી કૃત - મહામંત્ર મહિમા કીર્તન

"...અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ ભાઈ સર્વે તેમણે નિત્યે કરવો. અને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું, અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી..."

## :: અનુક્રમણિકા ::


૧ સ્વામિનારાયણ મહામંત્રનો સાર્થક અર્થસભર મહિમા... ૦૪
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય; દયા આણી રે... ૨૨
- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર

૩ દક્ષિણ ભારત શ્રી સ્વામિનારાયણ ટ્રેનયાત્રા... ૨૩
- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ સત્સંગ સમાચાર... ૩૦
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

મહામંત્ર પ્રાગટ્યની ૨૦૬મી વર્ષગાંઠ પ્રસંગે ચાલો શાસ્ત્રોક્ત પ્રામાણિક વચનોથી સમજીએ...



# સ્વામિનારાયણ

# મહામંત્રનો સાર્થક અર્થસભર મહિમા

**મહામંત્ર પ્રાગટ્ય દિન : સં. ૧૮૫૮ માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧**

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ભગવન્નામઅનંત માધુર્ય, ઐશ્વર્ય અને સુખોની ખાણ છે. બધાં જ શાસ્ત્રોમાં નામના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ અનેક પ્રકારની આધિ-વ્યાધિથી ગ્રસ્ત કળિકાળમાં હરિનામ-જપ સંસારસાગરથી પાર થવા માટેનું ઉત્તમ સાધન છે.

**❖ ભગવન્નામમહિમા પુરાણો અને ઉપનિષદ્‌ના મતે :**

ભગવાન વેદવ્યાસજી કહે છે :

'हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ।।'

(બૃહન્નારદીય પુરાણ : ૩૮/૧૨૮૭)

પદ્મપુરાણમાં કહ્યું છે :

'ये वदन्ति नरा नित्यं हरिरित्यक्षरद्वयम् ।
तस्योच्चारणमात्रेण विमुक्तास्ते न संशयः ।।'

''જે મનુષ્ય પરમાત્માના આ બે અક્ષરવાળા નામ'હરિ'નું

નિત્ય ઉચ્ચારણ કરે છે એના ઉચ્ચારણમાત્રથી તે મુક્ત થઈ જાય છે, એમાં કોઈ શંકા નથી.''

ગરુડપુરાણમાં કહ્યું છે કે :

'यदीच्छसि परं ज्ञानं ज्ञानाच्च परमं पदम् । तदा यत्नेन महता कुरु श्रीहरिकीर्तनम् ।।'

''જો આત્મજ્ઞાનની ઈચ્છા હોય અને આત્મજ્ઞાનથી પરમપદ મેળવવાની ઈચ્છા હોય તો ખૂબ પ્રયત્નપૂર્વક શ્રીહરિના નામનું કીર્તન કરો.''

એક વખત નારદજીએ ભગવાન બ્રહ્માજીને કહ્યું : ''એવો કોઈ ઉપાય બતાવો કે જેથી હું વિકરાળ કળિકાળની જાળમાં ન ફસાઉં.''

એના ઉત્તરમાં બ્રહ્માજીએ કહ્યું : 'आदिपुरुषस्य नारायणस्य नामोच्चारणमात्रेण निर्धूतकलिर्भवति ।' - ''આદિપુરુષ ભગવાન નારાયણનો નામોચ્ચાર કરવામાત્રથી જ મનુષ્ય કળિયુગથી તરી જાય છે.'' (કલિસંતરણોપનિષદ્)

શ્રીમદ્ ભાગવતના અંતિમ શ્લોકમાં ભગવાન વેદવ્યાસજી કહે છે :

'नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् । प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ।।'

''જેનું નામ સંકીર્તન બધાં પાપોનું વિનાશક છે અને પ્રણામદુઃખ દૂર કરનાર છે એ સર્વોપરિ શ્રીહરિને હું નમસ્કાર કરું છું.'' (શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૨૩)

કળિકાળમાં નામના મહિમાનું વર્ણન કરતા ભગવાન વેદવ્યાસજી શ્રીમદ્ ભાગવતમાં કહે છે :

'कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः । द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ।।'

''સતયુગમાં ભગવાન વિષ્ણુના ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞથી અને દ્વાપરમાં ભગવાનની પૂજા-અર્ચના કરવાથી જે ફળ મળતું તે બધું ફળ કળિયુગમાં ભગવાનનાં નામ-કીર્તનમાત્રથી જ પ્રાપ્ત થઈ જાય છે.'' (શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૫૨)

**✣ નામ-જપ મહિમા ગોસ્વામીજીના મતે :**

શ્રીરામચરિત માનસમાં ગોસ્વામી તુલસીદાસજી મહારાજે આ જ વાતને એ રૂપમાં કહી છે કે :


'कृतेजुग त्रेताँ द्वापर पूजा मख अरु जोग । जो गति होइ सो कलि हरि नाम ते पावहिं लोग ।।'

''સતયુગ, ત્રેતા અને દ્વાપરમાં જે ગતિ પૂજા, યજ્ઞ અને યોગથી પ્રાપ્ત થાય છે એ જ ગતિ કળિયુગમાં લોકો ફક્ત ભગવાનના નામજપથી પ્રાપ્ત કરી શકે છે.'' (શ્રીરામચ. મા. ઉ. : ૧૦૨-ખ)

આગળ શ્રીરામચરિત માનસમાં ગોસ્વામીજી કહે છે :

'कलिजुग केवल हरि गुन गाहा । गावत नर पावहिं भव थाहा ।।
कलिजुग जोग न जग्य न ग्याना । एक अधार राम गुन गाना ।
सब भरोसे तजि जो भज रामहि । प्रेम समेत गाव गुन ग्रामहि ।।
सोई भव पर कछु संसय नाहीं । नाम प्रताप प्रगट कलि माहीं ।।'

''કળિયુગમાં તો ફક્ત ભગવાન શ્રીહરિનાં ગુણગાન કરવાથી જ મનુષ્ય ભવસાગરથી પાર થઈ જાય છે. કળિયુગમાં ન તો યોગ અને યજ્ઞ છે કે ન જ્ઞાન છે. ભગવાન શ્રીહરિનાં ગુણગાન જ એકમાત્ર આધાર છે. માટે બધા ભરોસાઓ છોડીને જે પરમાત્માને ભજે છે અને પ્રેમ સહિત એમનાં ગુણગાન ગાય છે એ ભવસાગરથી તરી જાય છે એમાં કોઈ સંદેહ નથી. નામનો પ્રતાપ કળિયુગમાં પ્રત્યક્ષ છે.'' (શ્રીરામચરિતમાનસ, ઉત્તરકાંડ : ૧૦૨, ૪ થી ૭)



''કળિયુગમાં તો ફક્ત ભગવાન શ્રીહરિનાં ગુણગાન કરવાથી જ મનુષ્ય ભવસાગરથી પાર થઈ જાય છે. કળિયુગમાં ન તો યોગ અને યજ્ઞ છે કે ન જ્ઞાન છે. ભગવાન શ્રીહરિનાં ગુણગાન જ એકમાત્ર આધાર છે. માટે બધા ભરોસાઓ છોડીને જે પરમાત્માને ભજે છે અને પ્રેમ સહિત એમનાં ગુણગાન ગાય છે એ ભવસાગરથી તરી જાય છે એમાં કોઈ સંદેહ નથી. નામનો પ્રતાપ કળિયુગમાં પ્રત્યક્ષ છે.''



### ✣ કલિમાં મોક્ષાનો અનન્ય ઉપાય

'चहुं जुग श्रुति नाम प्रभाऊ । कलि बिसेषि नहिं आन उपाऊ ।।'

''આમતો ચારેય યુગોમાં અને ચારેય વેદોમાં નામનો મહિમા છે, પરંતુ કળિયુગમાં વિશેષ રૂપે છે. કળિયુગમાં તો નામ-જપ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.''

'भायँ कुभायँ अनख आलसहूँ । नाम जपत मंगल दिसि दसहूँ ।।'

ગોસ્વામી તુલસીદાસજી મહારાજના મતાનુસાર સારા કે ખરાબ ભાવથી, ક્રોધ કે આળસપૂર્વક કોઈપણ પ્રકારે ભગન્નામનો જપ કરવાથી વ્યક્તિને દશેય દિશાઓમાં કલ્યાણ કલ્યાણ પ્રાપ્ત થાય છે. (શ્રીરામચરિતમાનસ, બાલકાંડ : ૨૧,૮)

### ✣ કલિમાં નામસ્મરણ રૂપી કલ્પવૃક્ષ :

'नाम कामतरु काल कराला । सुमिरत समन सकल जग जाला ।।
राम नाम कलि अभिमत दाता । हित परलोक लोक पितु माता ।।'


આ કલ્પવૃક્ષસ્વરૂપ ભગવન્નામ સ્મરણ કરવાથી જ સંસારની બધી જંજાળોને નષ્ટ કરી નાખનાર છે. આ ભગવન્નામ કળિયુગમાં મનોવાંચ્છિત ફળો આપનાર, પરલોકનું પરમહિતૈષી અને સંસારમાં વ્યક્તિનાં માતા-પિતા સમાન બધી રીતે પાલન-પોષણ કરનાર છે.

(શ્રીરામચરિતમાનસ, બાલકાંડ : ૨૬,૩)

'नाम जीहँ जपि जागहिं जोगी । बिरति बिरंचि प्रपंच बियोगी ।।
ब्रह्मसुखहि अनुभवहिं अनूपा । अकथ अनामय नाम न रुपा ।।
जाना चहहिं गूढ गति जेऊ । नाम जीहँ जपि जानहि तेऊ ।।
साधक नाम जपहिं लय लाएँ । होहिं सिद्ध अनिमादिक पाएँ ।।
जपहिं नामु जन आरत भारी । मिटहिं कुसंकट होहिं सुखारी ।।'

આ ભગવન્નામ-જપયોગના આધ્યાત્મિક અને લૌકિક પક્ષનો સુંદર સમન્વય કરતા ગોસ્વામીજી કહે છે કે બ્રહ્માજીના બનાવેલ આ પ્રપંચાત્મક દશ્ય જગતથી યથાર્થ રીતે છૂટેલા વૈરાગ્યવાન મુક્ત યોગી પુરુષ આ નામને જીભ દ્વારા જપીને તત્ત્વજ્ઞાનરૂપી દિવસમાં જાગે છે અને નામ તથા રૂપથી રહિત અમાયિક અનુપમ, અનિર્વચનીય, અનામય બ્રહ્મસુખનો અનુભવ કરે છે. જેઓ પરમાત્માના ગૂઢ રહસ્યને જાણવા ઈચ્છે છે તેઓ જીભ દ્વારા ભગવન્નામનો જપ કરીને એને જાણી લે છે. લૌકિક સિદ્ધિઓની ઈચ્છા રાખતા સાધકો લયયોગ દ્વારા ભગવન્નામનો જપ કરીને અણિમાદિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી સિદ્ધ બની જાય છે. આવી જ રીતે જ્યારે મુસીબતોથી ઘેરાયેલ આર્ત ભક્ત નામ જપ કરે છે તો એની મોટી મોટી મુસીબતો પણ ટળી જાય છે અને એ સુખી થઈ જાય છે.

(શ્રીરામચરિતમાનસ, બાલકાંડ : ૨૧, ૧ થી ૨)



**✣ અહર્નિશ જપનીય અસાધારણ મંત્રરાજનો ઉદ્ભવ-માહાત્મ્ય સહ પ્રવૃત્તિ હેતુ :**



આ ઉદ્ધવાવતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પ્રવર્તિત સંપ્રદાયના ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનું અસાધારણ મંગળ નામ 'સ્વામિનારાયણ' છે. આ મુખ્ય નામથી તેમની ભક્તિ ઉપાસના સંપ્રદાયમાં મુખ્ય પ્રવર્તે છે. દીક્ષિત અખિલ અનુયાયિઓને અહર્નિશ જપવા ભજવા માટે આજ ષડક્ષર નામ મંત્રનો દીક્ષાદાતા આચાર્યે ઉપદેશ આપવો એમ પણ શ્રી સત્સંગિજીવનના ચોથા પ્રકરણના અધ્યાય ૪૬ના ૩૧મા શ્લોકમાં 'गुणाक्षरं ततो मंत्रं जप्तुं सर्वत्र सर्वदा ।' - આવા શબ્દમાં વિધાન છે. ગુણ શબ્દ ષટ્ સંખ્યામાં લીધો છે. આ શુભ સર્વોપરી નામનો પ્રયોગ સર્વ સત્શાસ્ત્રોમાં તથા વ્યવહારમાં પણ વિશેષતઃ પ્રવર્તે છે. મુખ્ય ગ્રંથ શ્રી સત્સંગિજીવન પ્ર.૧, અ.૧, શ્લોક - ૧૨ 'स एष साक्षात् भगवान् स्वामिनारायणाख्यया। प्रसिद्धोऽस्ति' - તે આ સાક્ષાત્ શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણ નામથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયા છે. શ્રી સત્સંગિજીવન પ્ર.૨, અ.૨૪, શ્લોક - ૩૬ 'सैष नारायणमुनिः सहजानंद नामकः । स्वामिनारायणाख्यश्च स्वाम्याख्यश्च विराजते' - તે અમારા ગુરુ શ્રી નારાયણમુનિ સહજાનંદ સ્વામિનારાયણ અને સ્વામી નામથી બિરાજે છે. શ્રી સત્સંગિજીવન પ્ર.૫, અ.૬૯, શ્લોક - ૧૭ 'हरिकृष्णो घनश्यामो नीलकंण्ठश्च स स्मृतः । स्वामी च सहजानंदः स्वामिनारायणस्तथा' - ભગવાન શ્રીહરિનાં હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સ્વામી, સહજાનંદ, સ્વામિનારાયણ આદિક અનેક શુભ નામો છે. આ રીતે ગ્રંથમાં અનેક પ્રયોગો છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬માં ''ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે.'' એવો મહિમા વર્ણવવાપૂર્વક તથા લોયા પ્રકરણના ૧૮મા શ્રીજીમહારાજ સર્વે હરિભક્તોને 'જય સ્વામિનારાયણ' કહીને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા. જનમંગલ સ્તોત્રમાં શ્લોક - ૧૨ના નામ૪૯-૫૦માં 'स्वामिनारायणः स्वामी' આ રીતે છે. સર્વમંગલ સ્તોત્રમાં શ્લોક - ૭૩ના નામ૩૯૪માં 'स्वामिनारायणः' આ રીતે છે. શિક્ષાપત્રી શ્લોક - ૧૦૮ની સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીકૃત ટીકામાં અંતે 'यः साक्षात् भगवान... श्री स्वामिनारायणः' સાક્ષાત્ ભગવાન્ ક્ષરાક્ષરપર પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ નામથી પ્રકટ થયા. આ રીતે આ દિવ્ય નવા સંપ્રદાયમાં સકળ સંસ્કૃત પ્રાકૃત શાસ્ત્રોમાં આ નામતેના અદ્ભૂત મહિમાનુવાદ સાથે વર્તે છે. (શ્રી સ્વા. નામનો શાસ્ત્રસિદ્ધ અર્થ - શા. શ્રી હરિજીવનદાસજી - વડતાલ)

**✣ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્ઘોષણા દિન :**

આ સંપ્રદાયમાં કલ્યાણકારી આ નામના જપ-ભજનની પ્રવૃત્તિ શ્રી રામાનંદ સ્વામીના ચૌદમાના (૧૮૫૮ માગશર સુદ -૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧ના) શુભ દિનથી કરી છે.

એટલે સં. ૧૮૫૮ માગશર સુદ - ત્રયોદશી (તા. ૧૭-૧૨-૧૮૦૧, ગુરુવાર)એ શ્રી રામાનંદ સ્વામી સ્વધામ પધાર્યા અને તેમના ચૌદમાના દિવસે ભગવાન શ્રીહરિએ સમસ્ત અનુયાયીઓની સભા કરી, ને બોલ્યા : '' હે સંતો ! હે ભક્તો ! આજ સુધી સત્સંગમાં સૌ જુદા જુદા નામોથી ભજન-માળા આદિ કરો છો. જેમ કે કોઈ કૃષ્ણ-કૃષ્ણ જપે છે, તો કોઈ કહે છે રામ-રામ... જપે છે તો કોઈ કપિલ-કપિલ ને કોઈ દત્ત-દત્ત... કહે છે... તો કોઈ નારાયણ-નારાયણ... કરે છે પણ એક જ સંપ્રદાયના સૌ કોઈ ભક્તોનું ભજન તો એક જ મંત્રથી થાય તે જ ઉચિત ગણાય, તો આજે એવા એક સર્વોપરિ મંત્રનો અમો ઉદ્ઘોષ કરીએ છીએ કે જે મંત્ર નહિ પણ મહામંત્ર હશે. જે મંત્રને આપ ધ્યાનથી સાંભળો અને હવે પછી માળામાં, ભજનમાં, ધૂન્યમાં એજ મહામંત્રનો જપ કરજો. બીજા અનંત નામ મંત્રો આ સર્વોપરી મહામંત્ર પાસે કેવા

**''...ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે...''**

જણાય છે તે કહું છું તે સાંભળો...:

‘વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત;
અમારા નામછે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.
માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યા છે અમારા એહ;
કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નિલકંઠ નામ નિરધાર.
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યા છે અમારા તેહ;
સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણમુનિ નામ.
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતા પિતા કહેતા કરી સ્નેહ;
એમ નામ અમારા તે બહું, પાડ્યા નોખા નોખા જને સહુ.
પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ;
કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી...’

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ ૧૩)

### ✣ વિવિધ નામોના પ્રવૃત્તિ હેતુ :

‘‘હે ભક્તજનો ! આજ સુધી અમારા ઘણાં નામ પડ્યા છે. જેમ કે નાના હતા ત્યારે ધર્મપિતાને ઘેર આવેલા માર્કંડેય ઋષિએ એ અમારું નામકરણ કરતા કહેલું કે. આ સૌના ચિત્તને આકર્ષણ પમાડશે માટે આ તેજસ્વી પુત્રનું નામ‘કૃષ્ણ’ રાખો, વળી અનંતની વૃત્તિઓને પોતાના સ્વરૂપમાં હરી લેશે માટે ‘હરિ’ રાખો ને બંને ગુણ ભેગા થાય તો હરિકૃષ્ણ બને માટે ‘હરિકૃષ્ણ’ રાખો અને તપ-ત્યાગ ને વૈરાગ્યમય જેમનું જીવન હશે માટે ‘નીલકંઠ’ નામ રાખો. વળી નાનપણમાં અમારા મિત્રો-માતાપિતા સૌ અમને ‘ઘનશ્યામ’ નામથી બોલાવતા. તો ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ અમને ‘સહજાનંદ’ અને ‘નારાયણમુનિ’ નામથી ઓળખાવ્યા. પરંતુ અમારું મુખ્ય સર્વોપરી નામહજુ કોઈનાય હાથમાં આવ્યું નથી. જે અમે આજે પ્રકાશ કરીએ છીએ... તો એકાગ્ર ચિત્તે કરી સાંભળો.’’

### ✣ શ્રી સ્વામિનારાયણ નામ મહામંત્ર પ્રવૃત્તિ હેતુ :

‘હવે આજ કરું હું પ્રકાશ,
તમે સાંભળો તે સહુ દાસ;
સ્વામિનારાયણ મારું નામ,
સંભારતા સૌને સુખધામ.
બીજા નામ લે કોઈ અપાર,
તોય આવે નહીં એની હાર;
સ્વામિનારાયણ નામ સાર,
લીએ એકવાર નિરધાર.
તેને અપાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;



“...કોઈ બીજા હજારો નામ જપે અને આ સ્વામિનારાયણ મહામંત્રનો એકવાર જપ જપે તોપણ એને તુલ્ય તે ન આવે. વળી, ગમે તેવું સંકટ કે દુઃખ આવ્યું હશે ત્યારે આ મહામંત્રનો જપ કરતા સર્વે દુઃખ માત્રનો વિરામ થશે...”

માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી.
સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;
સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી.
બીજા નારાયણ નામ ઘણા, કહું નામ થોડાક તે તણા;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય.
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ.
સર્વોપરિ નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.’

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ ૧૩)

‘‘અર્થાત્, હે સંતો-ભક્તો ! નારાયણ નામ તો ઘણા છે જેમકે સૂર્યનારાયણ, વૈરાટનારાયણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, વાસુદેવનારાયણ આદિ... સૌ નારાયણ માત્રના અમો સ્વામી (ઐશ્વર્ય પ્રદાતા) છીએ ને નિયંતા છીએ માટે અમારું નામ સ્વામિનારાયણ છે, તેનું આજથી સૌ કોઈ ભજન અને જપ કરજો.

### ✣ મંત્રરાજનો મહાપ્રૌઢ પ્રતાપ :

**‘સ્વા...મિ...ના...રા...ય...ણ...’** આ ષડક્ષરી મહામંત્રનો કેવો પ્રૌઢ પ્રતાપ છે તે પ.પૂ. ધુ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી બતાવે છે :

‘જે સ્વામિનારાયણ નામ લેશે તેનાં બધા પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.
જો સ્વામિનારાયણ એકવાર,
રટે બીજા નામ રટ્યા હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું,
કરી શકે વર્ણન કોણ તેનું.
ષડક્ષરી મંત્ર મહાસમર્થ,
જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે,
અંતે વળી અક્ષરધામ આપે.
ગાયત્રીથી લક્ષ ગુણો વિશેષ,
જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય,
આ કાળમાં તો જપ એજ થાય.

જો અંતકાળે શ્રવણે સુણાય,
પાપી ઘણો તે પણ મોક્ષ જાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે,
તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે.
તે મંત્ર જેના મુખથી જપાય,
તેના થકી તો જમ નાશી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે,
ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર,
તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે,
સર્વે ક્રિયામાં સમરો સદાયે.
પવિત્ર દેહે અપવિત્ર દેહે,

તે નામનિત્યે સ્મરવું સનેહે; જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય. જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત; તે સ્વામિનારાયણ નામલેતાં, લાજી મરે છે મુખથી કહેતાં. શ્રી સ્વામિનારાયણ નામસાર, છે પાપને તે પ્રજળાવનાર; પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું.' (શ્રીહરિલીલામૃત : ૫/૩/૪૫-૫૪)

કોઈ બીજા હજારો નામ જપે અને આ સ્વામિનારાયણ મહામંત્રનો એકવાર જપ જપે તોપણ એને તુલ્ય તે ન આવે. વળી, ગમે તેવું સંકટ કે દુઃખ આવ્યું હશે ત્યારે આ મહામંત્રનો જપ કરતા સર્વે દુઃખ માત્રનો વિરામથશે, વળી ગમે તેવા ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે પણ આ મંત્રથી તે આસુરી તત્ત્વો બળીને ભસ્મીભૂત થશે. આ મંત્ર જપનારને જમનું તેડું નહિ આવે એટલું જ નહિ પણ સર્વે પાપ માત્રનો પ્રલય કરનારો આ મહામંત્ર રહેશે. અત્રે આ ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનોને ચરિતાર્થ કરતા કેટલાક ઐતિહાસિક પ્રસંગોને નિહાળીએ.

**✣ શીતળદાસમાંથી સદાશીતળ બનેલા સંત વ્યાપકાનંદજી :**

ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી ફણેણીમાં દેહત્યાગ કરીને સ્વધામ સિધાવ્યા. પછી ભગવાન શ્રીહરિએ સ્વામીની દેહક્રિયા બહુ રૂડી રીતે કરતાં, સમસ્ત સાધુ-સત્સંગીઓને તેડાવીને મોટું ખર્ચ રાજા કરે તેવું કર્યું. ચૌદમાને દિવસે ભરેલી મહાસભામાં સમયાનુસારી વાતો કરીને સ્વામીના શોકનું નિવારણ કર્યું. અને પછી કહ્યું : ''હે ભક્તજનો ! હવે ભગવાનનું (અમારું) સ્વામિનારાયણ નામથી ભજન કરજ્યો. આમ કહીને શ્રીજીમહારાજે આ 'સ્વામિનારાયણ' શબ્દનો અર્થ વૈદિક પ્રણાલિકા અનુસાર સમજાવ્યો. ત્યારબાદ સંતોને દેશ-પરદેશમાં ઉપદેશાર્થે મોકલ્યા, અને હરિભક્તો પોતપોતાને ઘેર ગયા.''



**"...જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' ભજન કરવું..."**

વચનામૃત લોયા પ્રકરણ : ૬

એ જ શુભ અરસામાં (તેરમાના દિવસે) ઝરણાપરણા (મધ્યપ્રદેશ)ના નિવાસી શીતળદાસ નામના એક વિદ્વાન સાધુ તીર્થોમાં ફરતા ફરતા સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીને ભગવાન જાણીને ત્યાં દર્શને આવ્યા, શ્રીજીમહારાજે તેમને સારા વિદ્વાન સાધુ અને મુમુક્ષુ જાણી એકાંતમાં ઉતારો અપાવ્યો. પરંતુ તે સમયે સ્વામી તો દેહ મૂકી ગયા છે, એમ સાંભળીને બહુ દીલગીર થઈ ગયા. અને મનમાં બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે, 'ચાર ધામમાં ફરીને મહાકષ્ટે ભગવાનની અર્ચા સ્વરૂપોના દર્શન કર્યા, પરંતુ મારા સુભાગ્ય નહિ હોવાથી એમનો મને પ્રત્યક્ષ મેળાપ થયો નહિ.' પછી એવા વિચાર પર આવ્યા કે 'એ સ્વામીના સાધુઓને રાજી કરીએ તો ભગવાન મેળવી આપે.' એવી રીતે વિચાર કરતા ત્યાં જ સૂઈ રહ્યા. ત્યારે એમનો દૃઢ સંકલ્પ ભગવાન શ્રીહરિએ અંતર્યામીપણે જાણીને સવારે એ સાધુ પાસે આવીને ઊભા રહ્યા. અને એમ બોલ્યા : ''ક્યું શીતલદાસ ચલને કા મનસૂબા કરતે હો ?'' ત્યારે તે બોલ્યા : ''મૈં બહોત અભાગા હું, ક્યોં કી રામાનંદ સ્વામી કી ભેટ ન હુઈ.'' એ સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા : ''સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એવા નામથી ભજન કરો.'' ત્યારે તેમણે તેમ કરવાથી તત્ક્ષણ સમાધિ થઈ. અને અક્ષરધામમાં ગયા. શ્રીજીમહારાજની મૂર્તિ અહિં છે એવી જ દિવ્ય સિંહાસનમાં વિરાજમાન દીઠી. એ મૂર્તિમાં ચોવીશ અવતારોને પણ દીઠા. અને ત્યાં રામાનંદ સ્વામીને પણ હાથમાં ચામર લઈને પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિની સેવામાં ઊભેલા દીઠા. એ રીતે અતિ અદ્‌ભૂત દર્શન થયા. પછી શ્રીજીમહારાજે કહ્યું : ''તમે રામાનંદ સ્વામીને ભેટો.'' ત્યારે તેઓ તેમકરતા સંકોચાયા. કારણ કે તેમને રામાનંદ સ્વામીને વિષે ભગવાનપણાનો નિશ્ચય હતો. આ બધું દિવ્ય દૃશ્ય દેખીને સ્વામી બોલ્યા : ''આ બધું ઐશ્વર્ય તો આ શ્રીજીમહારાજના વચને કરીને થયું છે. આ ભગવાન શ્રીહરિ તો મારા

ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીકૃષ્ણાદિ સમસ્ત અવતારને ધરનારા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ભગવાન પોતે છે અને હું તો એમનો ઉપાસક છું.'' આવો આપણે મળીએ ત્યારે તે સાધુ મળ્યા. પછી તે સાધુ શ્રીજીમહારાજના સંકલ્પથી સમાધિથી બહાર આવતાં પોતાનો જે સંકલ્પ હતો તે પૂર્ણ થવાથી પરમાનંદને પામ્યા અને પંદરમાને દિવસે સવારમાં સંતો તથા સત્સંગીઓની મોટી સભા ભરાઈ. તેમાં ભગવાન શ્રીહરિ વિરાજમાન થયા. આ સમયે વિદ્વાન સાધુ સભામાં આવીને સમસ્ત સભાને દંડવત્ પ્રણામ કરીને ગદગદ્ કંઠે બોલ્યા : ''હે સ્વામિનારાયણ ! તુમ તો સર્વાવતાર કારણ પરબ્રહ્મ પુરુષોત્તમભગવાન સ્વયં શ્રીકૃષ્ણ હો ઔર સબ જગતકા કારણ હો.'' એમસ્તુતિ કરી ત્યારે અતિ પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજે કહ્યું : ''હવે તમારે ક્યાંઈ જવું છે ?'' ત્યારે તે અતિ હર્ષથી બોલ્યા : ''તુમકું છોડકે નહિ જાયેગા, તુમ તો સ્વયં ભગવાન હો. તુમારી પાસ અખંડ રહેગા.'' આવી વાત સાંભળીને શ્રીજીમહારાજે તેમને સાધુદીક્ષા આપીને વ્યાપકાનંદ એવું સાર્થક નામપાડ્યું અને સદાય શીતળ અક્ષરમુક્ત બનાવી દીધા.

આ હતો મહામંત્ર-જપનો પ્રતાપ... ત્યારબાદ આ જ વ્યાપકાનંદ સ્વામીએ આ 'સ્વામિનારાયણ' મહામંત્રના પ્રભાવથી બુદેલખંડના બ્રાહ્મણના મરણ પામેલા દીકરાને સજીવન કર્યો હતો તેમજ બોટાદના હમીરખાચરની મૃત ઘોડીને જીવતી કરીને હમીરખાચરને જીવનદાન આપ્યું હતું. તેમજ વણિકને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત કરી તેનો દંડ ભગવાન શ્રીહરિ દ્વારા ભરપાઈ કરાવીને મોતના મુખમાંથી બચાવી લીધો હતો તે પણ આ મહામંત્રના જ પ્રતાપથી...!!!

તો ચાલો માણીએ.... ઉપરોક્ત દૃષ્ટાંતો જેવા જ આ 'સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપના અનેક દૃષ્ટાંતો જે આ સંપ્રદાયમાં ઘેર-ઘેર ગુંજી રહ્યા છે તેને...

'ક્ષન્તવ્ય સ્મરણીયં ચ' :- અત્રે આ લેખમાળામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના નામ-પ્રતાપને લગતા પ્રસંગો અનેક છે અને આ અંકમાં અવકાશ સીમિત હોવાથી કેટલાક સવિશેષ જાણવા-માણવા યોગ્ય ચરિત્ર પ્રસંગો પણ અત્રે બાકી રાખવામાં આવેલ છે. તે બદલ ક્ષમાયાચના. આ અવશેષ પ્રસંગો આગામી અંકોમાં આ પેઈજના અનુસંધાનથી રજૂ કરવામાં આવશે.

### ✣ નામસ્મરણની સર્વોપરીતા

ભાગવતજીના છેલ્લા શ્લોકમાં વ્યાસજીએ લખ્યું છે કે- **'નામસંકીર્તનં યસ્ય સર્વપાપ પ્રણાશનમ્'**

''જેમના નામનું કીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે.'' (શ્રીમદ્ ભાગવત : સ્કંધ. ૧૨/ અ.૧૩) અર્થાત્ પરમાત્માના નામનું સ્મરણ કરવાથી તમામપાપો બળી જાય છે. તથા લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે- ''ધ્યાન કરતા ભૂંડા ઘાટ થાય ત્યારે ઉચ્ચ સ્વરે કરી, નિર્લજ્જ થઈને તાળી વગાડીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ'ભજન કરવું, તો સર્વે ઘાટ ટળી જાય અને નિરાંત થાય; પરંતુ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.''

સત્સંગિ જીવનના પાંચમા પ્રકરણના ૨૧મા અધ્યાયમાં શતાનંદસ્વામીએ લખ્યું છે અને શ્રીહરિએ કહ્યું છે કે-''કયારેક ગુપ્ત રીતે પણ મહાપાપ થઈ ગયું હોય, તો પરમાત્માના નામનો જપ કરવાથી મહાપાપનું પ્રાયશ્ચિત્ત કરવું, પરંતુ કયારેયપણ શાસ્ત્રમાં કહેલા અગ્નિપ્રવેશ વગેરે મૃત્યુના ઉપાયો ન કરવા.'' તેમજ ૪૬ મા અધ્યાયમાં કહ્યું છે કે-''ગમે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરતા હોઈએ, પરંતુ તેની સાથે નામસ્મરણ કરવું જોઈએ, નહિતર સંપૂર્ણ ફળ મળતું નથી.''

મહાભારતના શાંતિપર્વના ૧૯૬ થી ૨૦૦ અધ્યાય સુધી નામજપનો ખૂબ મહિમા કહ્યો છે. તેમાં ભિષ્મપિતા યુધિષ્ઠિરને કહે છે કે -''કોઈ કામનાથી કરવામાં આવતો જપ તેની તે તે ઈચ્છાઓ પૂરી કરે છે અને નિષ્કામભાવથી કરવામાં આવતા જપથી મોક્ષ મળે છે.''જપના મહિમાનો વિસ્તાર શાંતિપર્વમાંથી વાંચી લેવો.

ગીતાજીના ૮મા અધ્યાયના ૧૪મા શ્લોકમાં શ્રીકૃષ્ણપ્રભુ કહે છે કે- ''હે અર્જુન ! જે એકચિત્તે સતત અને હંમેશાં મારું સ્મરણ કરે છે, તે ભક્તને હું સહેજે પ્રાપ્ત થાઉં છું. કારણકે તે ભક્ત મારા સ્મરણમાં નિરંતર પરોવાયેલો રહે છે.'' તથા ૧૦મા અધ્યાયના ૨૫મા શ્લોકમાં પરમાત્મા કહે છે: ''હે પાર્થ ! **'યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ'**

''યજ્ઞોમાં જપયજ્ઞ હું છું.'' અર્થાત્ ભગવાનના નામનો જે વ્યક્તિ (સ્ત્રી અથવા પુરુષ) હંમેશાં જપ કરે છે તેઓને ધન ખર્ચીને યજ્ઞ કરવાથી જે ફળ મળે છે તે કેવળ નામ-સ્મરણ કરવાથી મળેછે.

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ગ્રંથમાં સદ્ગુરુ આધારાનંદસ્વામીએ ૮મા પુરમાં લખેલ છે કે- ''હરિના નામમાં હરિનું સ્થાન છે. નામ-સ્મરણ વિના હરિનું ધ્યાન ન થાય અને હરિનાં દર્શન પણ ન થાય.'' તથા 'હરિબળગીતા'માં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યુંછે કે-

'પુરુષોત્તમપ્રગટનું, નામ નિર્ભય નિશાણ ।
જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ ॥
ત્રિલોકમાં તપાસતાં, નાવે નારાયણ નામતુલ્ય ।
પતિતને પાવન કરવા, એ છે નિધિ અમૂલ્ય ॥
હિરણ્યકશિપુ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ ।
તપ તજી ત્રિયા ભજી, તેના થયા ભક્ત પ્રહલાદ ॥'

(કડવું. ૧-૨)



ભાગવતજીના ત્રીજા સ્કંધના ૩૩મા અધ્યાયમાં દેવહૂતિ માતા કપિલ ભગવાનને કહે છેઃ ''હે ભગવન્ ! આપનું નામ સાંભળવાથી અને આપનું સ્મરણ કરવાથી નીચ એવા ચાંડાળ પણ સોમયાગ યજ્ઞ કરવા યોગ્ય થાય છે. અહો ! આશ્ચર્ય છે ! જેની જીભમાં આપનું નામ હોય છે તેવા ચાંડાળ પણ અત્યંત શ્રેષ્ઠ છે,-માટે જેઓ આપનું નામ જ રટે છે, તેઓએ જ વાસ્તવિક તપ હોમઅને તીર્થસ્નાન કર્યું છે તથા સદાચાર પાળ્યા છે અને વેદાધ્યન પણ કર્યું છે.'' આ પ્રસંગની નોંધ શ્રીજીમહારાજે અંત્યના પાંચમા વચનામૃતમાં લીધી છે.

**✣ 'શ્રી સ્વામિનારાયણ' નામમહામંત્રનો વેદાદિ સત્શાસ્ત્ર માન્ય અર્થ :**

'સ્વામિનારાયણ' મંત્રમાં મુખ્ય બે શબ્દો છે. ૧. સ્વામી અને ૨. નારાયણ. તો સૌપ્રથમ 'સ્વામી' શબ્દનો અર્થ જોઈએ :

સ્વામી શબ્દમાં 'स्व' પ્રકૃતિ અને 'आमिनिच' મત્વર્થ પ્રત્યય 'स्वामिन्नैश्वर्ये' આ પાણિની વ્યાકરણ સૂત્રથી સ્વામી શબ્દ સિદ્ધ થાય છે. જેમાં 'स्व'નો અર્થ 'આત્મા-આત્મીય-જ્ઞાતિ અને ધન થાય છે.' પરંતુ મત્વર્થ પ્રત્યય 'आमिनिच' લગાડવાથી 'स्व'નો અર્થ ઐશ્વર્ય થાય છે. 'स्वम् ऐश्वर्यम् अस्यास्तीति इति स्वामी ।' - ઐશ્વર્યનો માલિક તે 'સ્વામી' કહેવાય.

હવે **'નારાયણ'** શબ્દનો અર્થ જોઈએ :

નારાયણ શબ્દમાં બે શબ્દો છે. ૧. નાર અને ૨. અયન. તો તેમાં સૌપ્રથમ નાર શબ્દનો અર્થ જોઈએ.

'न रीयते इति नरः' - 'रि हिंसायाम्' ધાતુને 'अन्येभ्योपि दृश्यते' - આ વ્યાકરણ સૂત્રથી 'ड' પ્રત્યય કરી 'टी'નો લોપ કરવાથી 'रः' શબ્દ બન્યો. रः = क्षयः । न रः = अविद्यमानः रः (= क्षयः) यस्य सः नरः । જેનો ક્યારેય ક્ષય અથવા વિનાશ નથી તેને કહેવાય 'नरः' જેનો ક્યારેય નાશ ન થાય એવી બે વસ્તુઓ છે. ૧. ચૈતન્ય અને ૨. અચૈતન્ય. તેમાં 'ચૈતન્ય'માં આવશે - બદ્ધજીવો, મુક્તજીવો, નિત્યમુક્ત જીવો તથા અક્ષરધામ. અને 'અચૈતન્ય' અર્થાત્ અનંતકોટિ બ્રહ્માંડો. 'एतेषाम् नराणाम् समूहः इति नारम् ।' - 'तस्य समूहः ' આ પાણિની સૂત્રથી 'अण्' પ્રત્યય લાગીને નાર શબ્દ બન્યો છે. બદ્ધજીવ, મુક્તજીવ, નિત્યમુક્તજીવ, અક્ષરધામઅને અનંતકોટિ બ્રહ્માંડોના સમૂહને **'નાર'** કહેવાય.

હવે **'અયન'** શબ્દનો અર્થ જોઈએ :

'इण् गतौ' અને 'अय गतौ' ધાતુને ભાવાર્થે 'ल्युट' પ્રત્યય કરવાથી 'अयनम्'શબ્દ બને. અથવા 'कृत्यल्युटो बहुलम्' પાણિની સૂત્રાનુસારે કર્માર્થે 'ल्युट' પ્રત્યય કરવાથી પણ 'अयन' શબ્દ બને. જ્યારે ભાવાર્થે પ્રત્યય કરશું ત્યારે 'अयन' શબ્દનો અર્થ થશે 'ગમન' અને કર્માર્થે 'ल्युट' પ્રત્યય કરીશું ત્યારે 'अयन' શબ્દનો અર્થ થશે 'आश्रय.' હવે 'नारम्' શબ્દ અને 'अयनम्'શબ્દનો

**"...હે ભગવન્ ! આપનું નામ સાંભળવાથી અને આપનું સ્મરણ કરવાથી નીચ એવા ચાંડાળ પણ સોમયાગ યજ્ઞ કરવા યોગ્ય થાય છે. અહો ! આશ્ચર્ય છે ! જેની જીભમાં આપનું નામ હોય છે તેવા ચાંડાળ પણ અત્યંત શ્રેષ્ઠ છે,-માટે જેઓ આપનું નામ જ રટે છે, તેઓએ જ વાસ્તવિક તપ હોમઅને તીર્થસ્નાન કર્યું છે તથા સદાચાર પાળ્યા છે અને વેદાધ્યન પણ કર્યું છે..."**

સમાસ કરીશું. જ્યારે 'अयनम्' શબ્દ ભાવાર્થે લઈશું ત્યારે સમાસ થશે **બહુવ્રીહિ.** 'नारे अयनम् यस्य सः नारायनः' અને જ્યારે કર્મણિ 'ल्युट' પ્રત્યય કરીશું ત્યારે 'अयन' શબ્દનો અર્થ થશે - 'आश्रय.' અને સમાસ થશે **तत्पुरुष.** 'नारस्य अयनः इति नारायनः ।' - હવે 'पूर्वपदात् संज्ञायामगः' આ પાણિની સૂત્રથી બંને શબ્દના 'न'કારનો, 'ण'કાર થશે. ત્યારે શબ્દ બનશે 'નારાયણ.'



હવે **'સ્વામિ'** અને **'નારાયણ'** આ બંને શબ્દોનો **કર્મધારય સમાસ** થતાં જેમકે 'स्वामी चासौ नारायणः इति स्वामिनारायणः ।' - અર્થાત્ સર્વજગતનું સર્જવાપણું, આત્માપણું, અંતર્યામીપણું, સર્વઆધારપણું, સર્વફળપ્રદાતાપણું વગેરે બહુવિધ ઐશ્વર્ય સંપન્ન હોવાથી **'સ્વામી'** અને સર્વની અંદર ને બહાર વ્યાપી રહેલા હોવાથી નારાયણ અને તે બંને મળીને 'સ્વામિનારાયણ' આ મહામંત્ર થયો. જેનો અર્થ આ રીતે થશે જે અનંતકોટિ બદ્ધજીવો, અનંતકોટિ મુક્તજીવો, અનંતકોટિ બ્રહ્માંડો, નિત્યમુક્તો અને અક્ષરધામનું અંતર્યામી સ્વરૂપે નિયમન કરે છે. જે સર્વના આધાર છે, જે સર્વના માલિક યા સ્વામી તેને કહેવાય 'સ્વામિનારાયણ.'

**✣ શ્રી નારાયણ મંત્રના શાસ્ત્રોક્ત અર્થો :**

૧. नारं आपो अयनम् यस्य सः नारायणः।

૨. 'नराणाम् अक्षरधामस्थमुक्तपुरुषाणां समूहो नारं तदयते क्रीडनार्थं प्राप्नोति इति नारायणः

૩. नरस्य नराकृतेर्धर्मस्यापत्यं पुमान्नारायणः, स चासौ स चेत्याख्या नाम यस्य सः । स्वाम्याख्य स्वामिनाम्ना प्रसिद्धश्च।

स्वाम्याख्य स्वामिनाम्ना प्रसिद्धश्च।

૪. न रीयते न क्षीयते न नश्यति इति नरः । नराणाम् समूहः नारम् । नारम् अयनम् यस्य सः नारायणः।

૫. नरः अनश्वरचिदचिद्विभूतिकः तस्मात् जातम् नारम् महदादितत्त्वम् तेषु अयनम् यस्य सः इति नारायणः।

૬. न रमन्ते विषयेषु इति नरः मुक्तपुरुषाः। तेषाम् अयनम् उपास्यतया प्राप्यम् इति नारायणः।

૭. नराणां चेतनानां अयनं प्राप्यस्थानम् यः सः नारायणः।

હવે આપણે ઉપરોક્ત ક્રમથી પ્રસ્તુત **'નારાયણ'** શબ્દનો અર્થ જોઈએ :

૧. 'नारायणः' શબ્દનો **પૌરાણિક અર્થ** ભગવાન વિષ્ણુ કરવામાં આવ્યો છે. 'नारम्' એટલે પાણી. (आपो नारम् इति ।) 'नारम् अयनम् यस्य सः नारायणः' - અર્થાત્ જળ જેનું આશ્રયસ્થાન છે તે નારાયણ કહેવાય છે. પૌરાણિક કલ્પના પ્રમાણે ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષનાગની શય્યા પર વિરામ કરે છે. તેથી જળ તેમનું આશ્રયસ્થાન છે એટલે તેમને 'નારાયણ' કહ્યા છે. તેમાં 'आपो नारा इति प्रोक्ताः आपो वै नरसूनवः । अयनं तस्य ताः पूर्वं तेन नारायणः स्मृतः ।।' - એવું સ્માર્ત નિરુક્ત છે. શ્રીમદ્ ભાગવત ટીકામાં 'जलायनत्वाच्च नारायणः' - જળને વિષે શયન કરનાર હોવાથી તમો 'નારાયણ' છો એમ કહ્યું છે. આમ, 'नारायणः' નો પૌરાણિક અર્થ 'ભગવાન વિષ્ણુ' થાય છે. પરંતુ વસ્તુતઃ આ શબ્દનો અર્થ એટલો સીમિત નથી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવથીય પર એવા 'પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ' માટે આ શબ્દ પ્રયોજાયો છે. વેદવેદાંત, ઉપનિષદો, શ્રુતિ-સ્મૃતિમાં જે

**શ્રીમદ્ ભાગવત ટીકામાં 'जलायनत्वाच्च नारायणः' - જળને વિષે શયન કરનાર હોવાથી તમો 'નારાયણ' છો એમ કહ્યું છે. આમ, 'नारायणः' નો પૌરાણિક અર્થ 'ભગવાન વિષ્ણુ' થાય છે. પરંતુ વસ્તુતઃ આ શબ્દનો અર્થ એટલો સીમિત નથી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવથીય પર એવા 'પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ' માટે આ શબ્દ પ્રયોજાયો છે**

વિશિષ્ટ અર્થ કહ્યો છે તે હવે જોઈએ : 'एको ह वै नारायणासीत् न ब्रह्मा नेशानः - જ્યારે કંઈપણ સૃષ્ટિવર્ગનું કાર્ય ન હતું - બ્રહ્મા કે શંકર વગેરે ન હતા ત્યારે એક નારાયણ જ સ્વરાટ થકા વિરાજમાન હતા. 'एष सर्वभूतान्तरात्मापहतपाप्मा दिव्यो देव एको नारायणः' - સર્વભૂતોના અંતરાત્મા (અંતર્યામી) પાપરહિત દિવ્ય દેવ એક 'નારાયણ' છે. સમસ્ત જડ-ચૈતન્ય રૂપ સૃષ્ટિ વર્ગમાં અંતર્યામીપણે અંદર અને બહાર પરમાત્મા નારાયણ જ વ્યાપીને રહ્યા છે. 'नारायणपरा वेदाः' - સર્વે વેદો એક નારાયણ પર છે. મહાભારતમાં પણ વ્યાસ મહર્ષિ નારાયણ મંત્રનો ઉલ્લેખ કરતા લખે છે : 'तत्त्वमेको महायोगी हरिर्नारायणः परः' - સર્વથી પર તત્ત્વસ્વરૂપ મહાયોગી શ્રીહરિ **નારાયણ** જ છે.

તેમજ **શ્રી નારાયણને જ ધ્યેય સ્વરૂપે વર્ણવતા વેદવ્યાસ ઉદ્‌ઘોષ કરે છે :**

'आलोडय सर्व शास्त्राणि विचार्य च पुनः पुनः । इदमेकं सुनिष्पन्नं ध्योयो नारायणः सदा ।।' - સર્વ શાસ્ત્રોને વારંવાર મંથન કરીને વિચારતા આ એકજ સાર કાઢયો છે કે **'એક નારાયણ ભગવાન જ ધ્યાન કરવા યોગ્ય છે.'** 'नारायण समो देवो न भूतो न भविष्यति । एतद्रहस्यं वेदानां पुराणानां च सत्तमम् ।।' - 'નારાયણ સમાન કોઈ દેવ થયા નથી ને થશે નહીં. આ સર્વ વેદ અને પુરાણોનું સર્વોત્તમરહસ્ય છે.'

**શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :**

"...નારાયણ તે સર્વના સ્વામી છે... તેમએ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે... નારાયણ જેવા તો એક નારાયણ જ છે." (ગ.પ્ર. ૨૧, લો.૧૩) તેમજ "...ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમજાણીએ છીએ જે એ સર્વ અવતાર તે નારાયણના છે..." (લો. ૧૪)

આમ, આ **વિશાળ અર્થ** પૌરાણિક અર્થ કરતાં વધુ વ્યાપક બને છે. ત્રિદેવમાંથી એક દેવ માટે જ નહિ, પરંતુ ત્રિદેવથીયે વ્યાપક એવા પરબ્રહ્મ માટે આ શબ્દ પ્રયોજાય છે. એ સમજી લેવું અત્યંત આવશ્યક છે. કારણ કે આપણા ઈષ્ટદેવ આ સમગ્ર જગતના નિયંતા પરમાત્મા પુરુષોત્તમનારાયણ છે.

૨. 'નર' સંજ્ઞાવાળા જે અક્ષરધામનિવાસી મુક્ત પુરુષો તેના સમૂહને 'નાર' કહેવાય છે. તેમના આનંદને અર્થે જે 'અયતે' એટલે કે તેમને પ્રાપ્ત થાય છે. માટે **નારાયણ** કહેવાય છે.

૩. નર એટલે મનુષ્યરૂપે પ્રગટેલા ધર્મદેવ. અયન એટલે એમના પુત્ર જે નારાયણ અથવા ધર્મદેવના જે પુત્ર નારાયણ નામથી તથા સ્વામી નામથી પ્રસિદ્ધ થયા છે તે પોતે **ભગવાન શ્રી સ્વામિનારાયણ.**

૪. 'न रीयते इति नरः' - અથાત્ જે નાશ પામતું નથી તે નર. આમ, 'नरः' - એટલે નિત્ય પદાર્થ અને 'नराणाम् समूहः नारम्' - એ વ્યુત્પત્તિ પ્રમાણે નિત્ય પદાર્થના સમૂહને માટે નાર શબ્દ પ્રયોજાયો છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વજ્ઞાન પ્રમાણે પરમાત્મા સિવાય જીવ, ઈશ્વર, (અક્ષર) બ્રહ્મ અને માયા - આ ચાર પદાર્થ નિત્ય છે. તેથી ચારેના સમૂહને 'नारम्' - કહેવાય. આટલું સિદ્ધ કર્યા પછી આ નાર શબ્દનો સંબંધ અયન શબ્દ સાથે જોડીએ. જે અયન શબ્દનો અર્થ ગમન, ગન્તવ્યસ્થાન, આધાર કે આશ્રયસ્થાન થાય છે. આમ'અયન' એટલે આશ્રયસ્થાન. આના આધારે 'નારાયણ' - શબ્દની વ્યુત્પત્તિ બે પ્રકારે થઈ શકે છે. તેમાં (૧) ષષ્ઠી તત્પુરુષ સમાસ અને (૨) અવ્યયીભાવ સમાસ.

(૧) 'नराणाम् अयनम् इति नारायणः' - અર્થાત્ નર-શબ્દવાચ્ય નિત્ય પદાર્થોના સમૂહનું આશ્રયસ્થાન. જીવ, ઈશ્વર, બ્રહ્મ, માયા - એ નિત્ય પદાર્થો પરમાત્માના આશ્રયે રહેલા છે. તેથી પરમાત્માને 'નારાયણ' કહી શકાય.

(૨) 'नारम् अयनम् यस्य सः इति नारायणः' - અર્થાત્ નિત્ય પદાર્થો જેનું આશ્રયસ્થાન છે. અર્થાત્ જે નિત્ય પદાર્થોમાં વ્યાપીને રહે છે તે પરમાત્મા નારાયણ કહેવાય છે. આ અર્થના સમર્થન માટે 'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः' આ વેદ પ્રમાણ છે. વ્યાપક અવ્યાપક એવા ભેદથી નામના બે પ્રકાર છે. ભગવાનનાં ગુણ કર્મને કહેનારા જે નામો તે અવ્યાપક છે. અને સ્વરૂપતઃ વ્યાપ્તિને પ્રતિપાદન કર્તા જે નામો તે વ્યાપક કહેવાય છે. અવ્યાપક નામોની અપેક્ષાએ વ્યાપક નામોનું શ્રેષ્ઠપણું 'नारायणाय विद्महे वासुदेवाय धीमहि तन्नो विष्णुः प्रचोदयात्' - આ ગાયત્રી મંત્રમાં (૧) નારાયણ (૨) વાસુદેવ અને (૩) વિષ્ણુ. આ ત્રણ વ્યાપક નામોના નિર્દેશથી સિદ્ધ થાય છે. ત્રણેય નામોનો અર્થ 'વ્યાપક' એવો થાય છે. આ ત્રણ નામોમાં જે **'વિષ્ણુ'** નામ છે, તે ફક્ત વ્યાપ્તિ તો કહે છે. પરંતુ એમાં વ્યાપ્તિનો પ્રકાર કહ્યો નથી. વ્યાપ્તિનો પ્રકાર તો સર્વાધારપણે અંતર્વ્યાપ્તિરૂપ માન્યો છે. 'કેમાં વ્યાપે છે,' એ સ્પષ્ટ થતું નથી. કારણ કે અમુકમાં વ્યાપે છે એમઅધ્યાહારથી વ્યાપ્ય-અર્થ લેવો પડે છે. ફક્ત સ્વરૂપમાત્ર પ્રતિપન્ન થાય છે. પણ ગુણવાળાપણું જ્ઞાત થતું નથી. એમ હોવાથી વિષ્ણુ મંત્રમાં અર્થની પુષ્કળતા નથી. **વાસુદેવ** મંત્રમાં પણ કેમાં વ્યાપે છે, એ વ્યાપ્ય પદાર્થ તો

અધ્યાહારથી ગમ્ય છે. પણ વાસુદેવ શબ્દથી ગમ્ય નથી. એ આવા ગુણવાળા છે એના લાભ માટે તો 'भगवते वासुदेवाय' - એમસાથે ભગવત્શબ્દનો પ્રયોગ કરવો પડે છે. એમહોવાથી વાસુદેવ મંત્રમાં અર્થની પુષ્કળતા જોઈએ તેવી નથી. નારાયણ મંત્રમાં તો નાર શબ્દથી જ 'કેમાં વ્યાપે છે' એ વ્યાપ્ય પદાર્થો ચિદચિત્સમુદાય રૂપે સ્પષ્ટ કહ્યા છે. કેવી રીતે વ્યાપે છે એનો પ્રકાર પણ 'नारं अयनं यस्य' - એમબહુવ્રીહિ વ્યુત્પત્તિથી અંતઃપ્રવેશ કરીને ધારકપણે વ્યાપ્તિરૂપ કહ્યા છે. એમવ્યાપ્ય-વ્યાપક બંને નારાયણ સંજ્ઞામાં આવી જાય છે. વિષ્ણુ અને વાસુદેવની પેઠે વ્યાપ્ય પદાર્થની અધ્યાહારની અપેક્ષા પડતી નથી. આ રીતે વિષ્ણુ અને વાસુદેવ શબ્દ કરતાં પણ નારાયણ નામના અર્થમાં પુષ્કળતા છે. આ કારણથી **નારાયણ** નામની નિરતિશય શ્રેષ્ઠતા સાબિત થાય છે.

૫. વિષ્ણુ સહસ્ત્ર નામસ્તોત્રમાં પરમાત્માને માટે 'नराय नमः' કહી નર શબ્દનો પ્રયોગ કરી તેના ભાષ્યમાં નર એટલે 'अनश्वरचिदचिद्विभूतिक इति' - અર્થાત્ સ્વરૂપ સ્વભાવથી નિત્ય ચિદચિદ્ વિભૂતિના માલિક. तस्मात् जातम् नारम् महदादितत्त्वम् - તેનાથી ઉત્પન્ન થયેલ મહદાદિ તત્ત્વ સમુદાય તેને નાર કહેવાય. तेषु अयनम् यस्य सः इति नारायणः - સૃષ્ટિ ઉત્પન્ન કરવા અસમર્થ મહદાદિ તત્ત્વોના સામર્થ્યની પુષ્ટિ માટે તેમાં કારણરૂપે વ્યાપીને પ્રવેશેલા પરમાત્માને **'નારાયણ'** શબ્દથી સંબોધ્યા છે.

આ જ વાતને મહાભારતમાં પણ કહી છે :

'नराज्जातानि तत्त्वानि नाराणीति विदुर्बुधाः । तान्येव चायनं तस्य तेन नारायणः स्मृतः ।।'

નર પરમાત્મા થકી ઉત્પન્ન થયેલા મહદાદિ તત્ત્વો નાર કહેવાય છે. એ તત્ત્વોમાં કારણપણે વ્યાપેલા હોવાથી **'નારાયણ'** કહ્યા છે.

૬. न रमन्ते विषयेषु इति नरः - વિષયો જેને લોપી શકે નહી તેવા મુક્તપુરુષ તેને નર કહેવાય. એવા મુક્ત પુરુષોનો સમુદાય તેને નાર કહેવાય. 'तेषाम् अयनम् उपास्यतया प्राप्यम् इति नारायणः' - તેઓના પણ પરમઉપાસ્ય સ્વરૂપ તેને **'નારાયણ'** કહેવાય.

૭. नराणां चेतनानां अयनं प्राप्यस्थानम् यः सः नारा યણઃ। - તમામ ચૈતન્ય જીવાત્માઓનું અંતિમ પ્રાપ્ય સ્થાન, પ્રાપ્ય ગતિ, પ્રાપ્ય ધ્યેય, પ્રાપ્ય ધ્યાનસ્વરૂપ એને **'નારાયણ'** કહેવાય.

**✣ 'સ્વામિનારાયણ' મહામંત્ર વિષે જિજ્ઞાસુના મનમાં અન્યથા ગૂંચવાતા પ્રશ્નોની સમાધાનરૂપ પ્રશ્નોત્તરીઃ**

**જિજ્ઞાસુ-પ્રશ્ન-૧** : राधया + युतः = राधायुतः स चासौ कृष्ण इति राधाकृष्णः આમસમાસ કર્યો છે. અહીં મધ્યમપદ 'युत'નું અદર્શન (લોપ) થતા જેવી રીતે 'राधाकृष्ण' શબ્દ સિદ્ધ થાય છે તેવી જ રીતે स्वामिना युतः इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायण इति स्वामिनारायणः આવો શબ્દ સિદ્ધ થાય છે. (આ મહામંત્ર અંતર્ગત 'સ્વામિ' શબ્દથી સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' શબ્દથી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને) જેનો અર્થ સ્વામીએ સહિત નારાયણ એવો અર્થ થઈ શકે ખરો ? અને એ રીતે અર્થ સમજીને ભજન થઈ શકે ખરું ?

**સંત** : ના, આ સંપ્રદાયના ઉપાસ્ય ઈષ્ટદેવને વિષે અસાધારણ ભજનીય-જપનીય નામ તરીકે નક્કી કરેલા આ શબ્દો અર્થાનુસંધાન વિનાના નથી. એના અર્થો પણ શાસ્ત્રાનુસારે સિદ્ધ કરેલા છે. જે નામથી નિરંતર ભજન-સ્મરણ કરવાનું છે તેનો અર્થ પણ ભક્તજનોએ ખાસ સમજવાની જરૂર છે. અર્થ જાણ્યા વિના ભજન કરે તેના કરતાં અર્થ જાણીને ભજન કરનારને સ્વાદ વિશેષ આવે છે. અને ફળ પણ અધિક થાય છે. એટલે અર્થ જાણવાની અત્યંત આવશ્યકતા છે. અર્થ પણ ઉટાંગ રીતે નહિ, પરંતુ શાસ્ત્રની રીતીએ સમજવો જોઈએ. 'અમુક શબ્દોનો અમુક અર્થ થાય' એ તો વ્યાકરણ, કોષ, આપ્તવાક્ય, વિવરણ(ટીકા વગેરે), વ્યવહાર (વૃદ્ધોનો) વગેરેથી નિશ્ચિત થાય છે. આ નામનો અર્થ કરવામાં આ બધી જ વસ્તુઓનો ઉપયોગ જ્ઞાનવૃદ્ધોએ કર્યો છે. મુખ્ય માન્ય ગ્રંથ સત્સંગિજીવનની આખી ટીકા બીજા કોઈ અલ્પશ્રુતે નહિ પણ જે ભગવાન શ્રીહરિના સહચર હોઈને શ્રીજીમહારાજને પોતાના કાગળ પત્રો લખવા, શાસ્ત્રોનું સંશોધન કરવું વગેરે સમુચિત સેવામાં નિયોજેલા હતા. અને જેમની શ્રીમુખે પારાવાર પ્રશંસા કરી છે એવા બહુશ્રુત વિદ્વદ્વર્ય **સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી**એ કરેલી ટીકા પ્રથમ પ્રમાણભૂત છે. વળી પોતે કરેલી ટીકાની પ્રમાણતા માટે જ આમાં મનઃકલ્પિત અર્થ કોઈ કર્યો નથી. પરંતુ ગ્રંથકર્તા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના મુખ થકી સમક્ષ જે અર્થ સાંભળ્યો હતો તે યથાર્થ રહે અને વિપરીત થઈ જાય નહિ એવી



**"...'સ્વામિનારાયણ' મહામંત્રને વિભાજીત કરી કોઈપણ રીતે બે વ્યક્તિ પરક અર્થ કરવો તે મહામંત્ર સાથે છેડછાડ કરી ગણાશે. મહામંત્રનો અને શ્રીજીમહારાજનો દ્રોહ ગણાશે અને એવો અર્થ કરી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો ગણાશે, માટે સુજ્ઞજનોએ આ બાબતે યોગ્ય વિચારવું ઘટે છે..."**

કાળજી રાખીને કર્યો છે. આવી પ્રમાણભૂત **હેતુ** નામની સાર્થક ટીકામાં **'સ્વામી'** અને **'નારાયણ'** નામનો અર્થ અન્વર્થ બહુ સ્થળે કર્યો છે. સ્વામિનારાયણ નામનો સમાસ સાથે સાર્થક અર્થ શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રકરણ બીજામાં અધ્યાય ૨૪ના શ્લોક ૪૬ની ટીકામાં નીચે પ્રમાણે કર્યો છે. મન ધાર્યો નહિ પણ અપેક્ષિત અર્થને અનુસારે જ સમાસ થાય છે. **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો ઘટાવવાના હોય છે. ત્યાં **કર્મધારય સમાસ** કરવામાં આવે છે.



**"...'સ્વામી' શબ્દ અન્યવ્યક્તિપરક સમજે છે તેઓ 'સ્વામિનારાયણ' મહામંત્રનો અનર્થ કરે છે. વૈયાકરણીક રીતે તે અપશબ્દ બને છે. અને કોઈપણ મંત્રનો અનર્થ કરવો તે તેની ઘાત સમાન છે..."**

स्वामी सकलैश्वर्यसम्पन्नः स चासौ नारायणश्च, समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः, अन्तर्यामीत्यर्थः । (સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકા: ૨/૨૪/૪૬)

આવી રીતે અર્થ કરવામાં સહમત પુરુષોત્તમલીલામૃત સુખસાગર ગ્રંથના તરંગ ૧૩માં પણ છે :

**'સ્વામિનારાયણ નામસાર, રટજો સહુ તે નરનાર;**
**સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી.**
**બીજા નારાયણ નામ ઘણા, કહું નામ થોડાક તે તણા;**
**સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય.**
**લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;**
**વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.**
**તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી; માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ.**
**સર્વોપરિ નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર; એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.'**

આ ગ્રંથમાં ખુદ ભગવાન શ્રી સ્વામિનારાયણે જે કહ્યું છે તેના ઉપરથી ફલિતાર્થ થાય છે કે, સ્વામિઅને નારાયણ એ બંને શબ્દો એક વ્યક્તિ માટે પ્રયોજેલા છે. **'સ્વામિ'** છે તે વિશેષણ છે અને **'નારાયણ'** છે તે વિશેષ્ય છે. અને બંને મળીને કર્મધારય સમાસ 'विशेषणं विशेष्येण बहुलम्' પાણિનીના સૂત્રથી થયો છે. અને 'સ્વામી' શબ્દ છે તે વિશેષણ વાચક છે. સંજ્ઞાવાચક છે જ નહિ. અને વિશેષણ, સંજ્ઞાવાચક પદ કેમ બની શકે ?

અને કદાચ, 'स्वामिना सहितः नारायणः इति स्वामिनारायणः ।' સ્વામીએ સહિત નારાયણ એવો મધ્યમ લોપી સમાસ કરે તો સમાસ તો થશે પરંતુ **'સ્વામિનારાયણ'** મહામંત્રનો 'સ્વામીએ સહિત નારાયણ' એવો અર્થ શ્રીજીસમકાલીન કોઈપણ શાસ્ત્રમાં નથી. એટલું જ નહિ, એવા અર્થનું પ્રતિપાદન કરનારું કોઈ વાક્ય પણ નથી. અને સ્વામિનારાયણ ભગવાનને 'સ્વામિનારાયણ' મહામંત્રનો આવો અર્થ સ્વપ્નમાં પણ માન્ય ન હોય. કારણ કે, તેઓએ તો 'સ્વામિનારાયણ' એ પોતાનું નામઆપ્યું છે, કોઈ બે વ્યક્તિનું નહિ. **'છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.'** શ્રીજીમહારાજની આ વાત પ.પૂ. ધુ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી શ્રીહરિલીલામૃતમાં લખે છે.

અને કોઈ એમ કહેશે કે 'શ્રીજીમહારાજને ચાર ચરણારવિંદની ઉપાસના પ્રવર્તાવવી હતી, પરંતુ સમય અનુકુળ ન હતો.' તો તે વાત તદ્દન ખોટી પડશે. કારણ કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ જાહેરમાં પોતાને પ્રગટ ભગવાન કહેતા ડર્યા નથી; પોતાને સર્વે અવતારના અવતારી કહેતા પણ ડર્યા નથી; જે પોતાની મૂર્તિ ભગવાન તરીકે પધરાવતા ડર્યા નથી; તે શું ચાર ચરણારવિંદની ઉપાસના પ્રવર્તાવતા ડરે ? અને ચાર ચરણારવિંદની ઉપાસના તો પરંપરા સિદ્ધ હતી જ. તે પ્રવર્તાવવામાં કોઈ વિરોધનો પ્રશ્ન જ ન હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે તો પરંપરા સિદ્ધ ચાર ચરણારવિંદની ઉપાસના બંધ કરાવી ખુદને માન્ય-અભિમત એવી શુદ્ધ બે ચરણારવિંદની ઉપાસના પ્રવર્તાવી છે. માટે 'સ્વામિનારાયણ' મહામંત્રને વિભાજીત કરી કોઈપણ રીતે બે વ્યક્તિ પરક અર્થ કરવો તે મહામંત્ર સાથે છેડછાડ કરી ગણાશે. મહામંત્રનો અને શ્રીજીમહારાજનો દ્રોહ ગણાશે અને એવો અર્થ કરી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો ગણાશે, માટે સુજ્ઞજનોએ આ બાબતે યોગ્ય વિચારવું ઘટે છે.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે :

"...અક્ષરધામને વિષે મુક્તને એક પુરુષોત્તમના બે ચરણારવિંદની ઉપાસના છે; ને તે સાથે જ રમણ છે; ને બીજાં ધામોને વિષે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે..." (૪/૨૩)

**'સ્વામિનારાયણ'** મહામંત્ર શબ્દને

"...જેમ ભગવાનને નિરાકાર કહે છે તે મહાદોષિત બને છે અને તેની મુક્તિ તો શું ? પરંતુ ફરીને માતાના ઉદર થકી જન્મ પણ પામતો નથી. તેને માતાના ઉદરમાંથી જ કાપી કાપીને બહાર કાઢવો પડે છે. તેમ મંત્રનો ઉચ્છેદ કરે કે તેના અર્થનો અનર્થ કરે તેને પણ એટલો જ દોષ લાગે છે. અને દોષે યુક્ત અશાસ્ત્રોક્ત રીતે મંત્રનો જેમ જેમ જપ કરે તેમ તેમ તેને વધારે દોષ લાગતો જાય છે..."



વિભાજન કરી સ્વામી અને નારાયણ આ બંને શબ્દોનો અલગ અર્થ કરીને ઉપાસના પ્રવર્તક એ સંસ્થા ઈ.સ. ૧૯૦૭માં થઈ હતી. તેમાં 'સ્વામિનારાયણ' આ મહામંત્રમાં 'સ્વામીનારાયણ' આવી રીતે આ મહામંત્રનો પ્રયોગ થયો છે. તેની સાક્ષી ભગવદ્દગોમંડલ ગુજરાતી બૃહદ કોષ પુરે છે :

**❖ મંત્રાર્થ-ભેદ શબ્દકોષની દૃષ્ટિએ :**

**સ્વામીનારાયણ** - (સં. સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) + નારાયણ (સહજાનંદ સ્વામી) પું. બ.વ. ગુણાતીતાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી એ બેઉની જોડલી.

**'સ્વામિનારાયણ'** એટલે સર્વથી શ્રેષ્ઠ નારાયણ એવો મૂળ અર્થ છે અને **'સ્વામીનારાયણ'** એટલે સહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની જોડી એવો નવો અર્થ પણ કરવામાં આવે છે. (આ અર્થમાં **'સ્વામિ'** શબ્દને દીર્ઘ **'સ્વામી'** લખવામાં આવે છે.) સ્વામીનારાયણ શબ્દમાં 'સ્વામી' શબ્દ મુકવાના સમર્થનમાં તેઓ એમ કહે છે કે સીતારામ, રાધાકૃષ્ણ, પાર્વતીશંકર આદિ શબ્દોમાં જેમ મુખ્ય શબ્દ પછી અને ગૌણ શબ્દ પહેલા આવે છે એમ સ્વામીનારાયણ શબ્દમાં પણ છે.

(ભગવદ્દગોમંડલ ગુજરાતી બૃહદ કોષ, ભાગ - ૯ : પેજ નં. ૯૦૫૪)

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલ મહામંત્રમાં એકજ સામાસિક શબ્દ સમજવાનો છે. સ્વામી અને નારાયણ બંનેનો અર્થ અલગ સમજવાનો નથી. પાણિનીય વ્યાકરણના નિયમ અનુસાર જ્યારે બંને શબ્દો મળીને એક બને છે ત્યારે હ્રસ્વ ઉચ્ચારણ થાય છે.

**'સ્વામિનારાયણ'** મહામંત્રમાં **'સ્વામિ'** શબ્દ હ્રસ્વ છે. માટે 'સ્વામી' એવો અલગ દીર્ઘાન્ત શબ્દની વ્યાખ્યા સંભવી શક્તી નથી, અને આ રીતે 'સ્વામી' એકજ શબ્દનો અલગથી અર્થ થાય તે અર્થ પણ અહિંયા સુસંગત નથી. માટે આ પવિત્ર મહામંત્રમાં 'સ્વામિનારાયણ' એવું એકજ વિભક્ત્યન્ત-પદ-સ્વવર્ણનીય એકજ અર્થમાં સંજ્ઞા ઉત્પન્ન કરે છે. માટે જે ભક્તજનો 'સ્વામી' શબ્દ અલગ અને 'નારાયણ' અલગ એવી વ્યાખ્યા કરીને શબ્દાર્થ ઘટાડે છે તે અયોગ્ય છે. માટે 'સ્વામીનારાયણ' આ રીતે જેઓ દીર્ઘ ઉચ્ચારણ કરીને 'સ્વામી' શબ્દ અન્યવ્યક્તિપરક સમજે છે તેઓ 'સ્વામિનારાયણ' મહામંત્રનો અનર્થ કરે છે. વૈયાકરણીક રીતે તે અપશબ્દ બને છે. અને કોઈપણ મંત્રનો અનર્થ કરવો તે તેની ઘાત સમાન છે. જેમ ભગવાનને નિરાકાર કહે છે તે મહાદોષિત બને છે અને તેની મુક્તિ તો શું ? પરંતુ ફરીને માતાના ઉદર થકી જન્મ પણ પામતો નથી. તેને માતાના ઉદરમાંથી જ કાપી કાપીને બહાર કાઢવો પડે છે. તેમ મંત્રનો ઉચ્છેદ કરે કે તેના અર્થનો અનર્થ કરે તેને પણ એટલો જ દોષ લાગે છે. અને દોષે યુક્ત અશાસ્ત્રોક્ત રીતે મંત્રનો જેમ જેમ જપ કરે તેમ તેમ તેને વધારે દોષ લાગતો જાય છે.

તેમજ આવી રીતે **'મિ'**ને દીર્ઘ કરીને સ્વામી અને નારાયણ એવો વિભાજીત અર્થ બંધ બેસતો કરવાથી સ્પષ્ટ રીતે સ્વામી-સેવકનો સંબંધ પણ તૂટી જાય છે અને દોષભાગી થાય છે. તે બાબત ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં

સ્પષ્ટપણે કહ્યું છે : "...જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામી સેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો." (વચનામૃત કારિયાણી પ્રકરણ : ૧૦)

**✤ 'નારાયણ' શબ્દનો અર્થ સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીની દૃષ્ટિએ :**

'नारायणो वासुदेवः स्वतन्त्रः स्वप्रकाशकः ।

आनन्ददिव्यमूर्तिश्च विष्णुः कृष्णोऽच्युतोऽव्ययः

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૧/૫૧/૩૪)

અત્રે સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકામાં નારાયણ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરી છે :

'नराणाम् अक्षरधामस्थमुक्तपुरुषाणां समूहो नारं तदयते क्रीडनार्थं प्राप्नोति इति नारायणः ।' અર્થાત્ 'નર' સંજ્ઞાવાળા જે અક્ષરધામનિવાસી મુક્ત પુરુષો તેના સમૂહને 'નાર' કહેવાય છે. તેમના આનંદને અર્થે જે 'અયતે' એટલે કે તેમને પ્રાપ્ત થાય છે. માટે નારાયણ કહેવાય છે. આ અર્થ ઉપરથી એ સિદ્ધ થાય છે કે નારાયણ શબ્દમાં નાર એટલે અક્ષરધામમાં રહેલા સર્વે મુક્તો તે આવી જાય છે. એમાં ખુદ અક્ષરમુક્તનો પણ સમાવેશ થઈ જાય છે. તો તેના માટે અલગથી 'સ્વામિ' (અક્ષરમુક્ત ગુણાતીતાનંદ સ્વામી) વિશેષણ અલગથી લગાડી ન શકાય. કારણ કે એ વ્યાકરણ શાસ્ત્રથી વિરુદ્ધ છે. પતંજલિ કૃત વ્યાકરણ મહાભાષ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે 'संभवव्यभिचाराभ्याम् स्यात् विशेषणं अर्थवत्'

**✤ ન્યાયાલય દ્વારા વિનિર્ણીત 'સ્વામિનારાયણ' શબ્દનો મંત્રાર્થ :**

બોરસદ કોર્ટમાં પણ **'સ્વામિનારાયણ'** નામના અર્થની રસપ્રદ ચર્ચા પ્રતિવાદી તરફથી મંડન-ખંડનાત્મક બહુજ ચર્ચાઈ હતી. શાસ્ત્રી હરિજીવનદાસજીની જુબાનીમાં 'સ્વામિનારાયણ' નામનો અર્થ પૂર્વોક્ત શાસ્ત્ર પ્રણાલિકાએ સમાસ સાથે સપ્રમાણ થઈ ગયો હતો. આ બધું તત્ત્વ જાણવા છતાં પણ શાસ્ત્રોક્ત અર્થને પણ છોટો કે ખોટો કરીને પોતાનો 'સ્વામિ' એટલે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આવો અર્થ સાબિત કરવાનો દુરાગ્રહ દુરંત ન્યાય કોર્ટમાં પણ કરવામાં આવેલો. પ્રતિવાદી નં.૧ના કો. શ્રીજીસ્વરૂપદાસ શાસ્ત્રી (વિમુખ શા. યજ્ઞપુરુષદાસજીના શિષ્ય) તરીકે સાક્ષીમાં સોત્સાહ આવેલા. તેમણે સરતપાસણીમાં એવો અર્થ સમજાવવા પેરા-૯ 'અક્ષર પુરુષોત્તમ એટલે અમે સ્વામિનારાયણ કહીએ છીએ. સ્વામિનારાયણ એટલે અક્ષર પુરુષોત્તમ. અક્ષર એટલે ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ એટલે શ્રીજીમહારાજ.' પેરા - ૧૪ 'સ્વામિનારાયણ' શબ્દનો એવો હું અર્થ કરું છું. ઉલટ તપાસમાં 'સ્વામિનારાયણ' શબ્દનો સમાસ પૂછતાં પ્રથમ'स्वामी च नारायणश्च इति स्वामिनारायणौ' એમ द्वन्द्व સમાસ કર્યો. द्वन्द्व સમાસમાં 'रामश्च कृष्णश्च इति रामकृष्णौ' - તેની પેઠે 'स्वामिनारायणौ' એમ દ્વિવચનાન્ત પ્રયોગ થવો જોઈએ. એવો પ્રયોગ તો કોઈ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મશાસ્ત્રોમાં જોવામાં આવતો નથી. स्वामिनारायणः એવો એકવચાનાન્ત પ્રયોગ જોવામાં આવે છે. આવી શંકા કરતા તેને પડી મૂકીને, સમાહાર द्वन्द्व સમાસ કહ્યો. તેમાં તો એકવદ્ભાવ થતાં નપુંસકલિંગ થવાનો વ્યાકરણ નિયમ હોવાથી स्वामिनारायणम् એવો નપુંસકલિંગ થતાં અંતે अम् પ્રત્યય લાગવો જોઈએ. એવો પ્રયોગ તો સંપ્રદાયના ધર્મશાસ્ત્રોમાં ઉપલબ્ધ નથી. આવી આશંકા આવતાં વળી તેને પણ પડી મૂકીને 'राधया सहितः कृष्णः राधाकृष्णः' એની પેઠે મધ્યમ પદલોપી સમાસ કરવા લાગ્યા. આવા સમાસનો સાંપ્રદાયિક આધાર માગતાં તે નહિ મળવાથી તેને પણ પડતો મૂક્યો. છેવટે છેક થાકીને ન છૂટકે સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬માં તથા સર્વમંગલ ટીકામાં કહેલો 'स्वामीचासौ नारायणः इति स्वामिनारायणः' એમ કર્મધારય સમાસ સ્વીકારવો પડ્યો. સમાસ સ્વીકાર્યો એટલે અર્થ પણ સ્વીકારાઈ ગયો. એટલે 'સ્વામિ' શબ્દનો 'અક્ષર' એવો અર્થ છોડી દેવો પડ્યો. **અને છેવટે અમે માનીએ છીએ તેવો અર્થ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈપણ ધર્મશાસ્ત્રમાં નથી. તેમ સ્વીકારવું પડ્યું.** અને આવો અર્થ મારા ગુરુ(શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ)એ મને શિખવાડેલો એમ કહેવું પડ્યું. સ્વામિનારાયણ આખો એક જ શબ્દ શ્રીજીમહારાજ માટે જ વપરાયેલો છે. અને વચનામૃતમાં તથા સત્સંગિજીવનમાં પણ સ્વામિનારાયણ શબ્દ શ્રીજીમહારાજ માટે વપરાયેલો છે. સ્વામિ શબ્દનો અર્થ ઐશ્વર્ય સંપન્ન અને નારાયણ એટલે અંતર્યામી એવો અર્થ થાય છે, એમ કહીને હાર કબૂલ કરીને છૂટા પડ્યા.

**✤ મંત્રાર્થનો અંતિમ એકરાર :**

આ સંબંધમાં આંક ૨૮૦ કો. શ્રીજીસ્વરૂપ શાસ્ત્રી કબૂલ કરે છે કે આ શબ્દ **(સ્વામિનારાયણ)** સત્સંગિજીવન, સર્વમંગલ સ્તોત્રમાં શ્રીજીમહારાજ એકલા જ માટે વપરાયેલ છે. સ્વામિનારાયણ શબ્દનો ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ એવો અર્થ

સત્સંગિજીવનમાં ક્યાંય કરેલો નથી. અને તેમની જૂબાનીમાં પેરા-૯૫ થી જણાય છે કે બે વ્યક્તિઓના સમાવેશની આ રીતને ટેકો આપી શકાય તેમ નથી. કદાચ, તેનાથી વધારે નહિ તો તેમના જેટલા જ વિદ્વાન અને પવિત્ર માણસો ૭૫ વર્ષોથી વધારે સમયમાં જે ઉકેલી ન શક્યાં તે વસ્તુ પ્રતિવાદીઓ કેવી રીતે ખોળી શક્યાં એ વિચિત્ર છે. સં. ૧૯૬૦ સુધી કોઈ અક્ષરપુરુષોત્તમ વિષે કશું જાણતું ન હતું. આ પ્રમાણે નિર્ણય આપ્યો છે. (શ્રી સ્વા. નામનો શાસ્ત્રસિદ્ધ અર્થ - શા. શ્રી હરિજીવનદાસજી -વડતાલ)

સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી કીર્તનમાં કહે છે : **'શાસ્ત્ર વિના બોલે તે સરવે ખોટું, તે પામરનું બોલ્યું કોણ પ્રમાણે.'**

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે : ''એકલો પોતાનો હૈયાનો ઠરાવ કામ ન આવે. શાસ્ત્ર પણ જોઈએ.'' (૩/૧૦૦)

''કાલથી અમને એમ વિચાર થયો જે શાસ્ત્ર વિના તો સર્વે અધુરિયું છે. કાંચળીઓ પંથ ને નાસ્તિકના પંથ જેવું છે. '' (૩/૨૭૧)

ઉપરોક્ત વાતો પ્રમાણે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ શાસ્ત્રની અને શાસ્ત્રજ્ઞ પ્રામાણિકની જરૂર જણાવે છે.

શાસ્ત્રોમાં સ્વામી શબ્દ વાચ્ય એક હરિ ભગવાન જ છે. બીજા કોઈને સ્વામી શબ્દથી કહેવાય જ નહિ. આ રહ્યા વિષ્ણુપુરાણના શબ્દો - 'एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा'

**જિજ્ઞાસુ-પ્રશ્ન-૨** : સર્વમંગલ, જનમંગલ સ્તોત્રમાં 'સ્વામી' શબ્દને 'સ્વામિનારાયણ' શબ્દની સાથે જ મૂકીને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ જ આપણને સમજાવ્યું છે કે ફક્ત 'સ્વામી' શબ્દ વપરાયો હોય ત્યારે અને 'સ્વામિનારાયણ' શબ્દમાં 'સ્વામિ' શબ્દ વપરાયો હોય ત્યારે બંનેનો અર્થ જુદો જ સમજવો. કારણ કે એક જ સમાનાર્થક (પરમાત્માનો વાચક) 'સ્વામિ' શબ્દ બે વખત મૂકવાની પાછળ જો બંને સ્થળોએ અર્થો અલગ-અલગ ન હોય તો 'દળેલાનું દળવા' જેવું થાય. શાસ્ત્રમાં તેને પુનરુક્તિ દોષ કહેવાય છે. સ.ગુ. શ્રી શતાનંદ



> ''...અને દુષ્ટતુષ્ટિ-ન્યાયથી તમારી વાત માની પણ લઈએ, પરંતુ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને સં. ૧૮૬૬માં શ્રીજીમહારાજે ડભાણના યજ્ઞ સમયે દીક્ષા આપી હતી. 'સ્વામિનારાયણ' નામનો ઉદ્‌ઘોષ સં. ૧૮૫૮ માગશર વદ-૧૧ (તા. ૩૧-૧૨-૧૮૦૧)થી થયો છે. એટલે ૮ વર્ષ 'સ્વામી' શબ્દ નિરર્થક પડી રહેલો ? કે કોઈ બીજા માટે વપરાયેલો ? કે શ્રીજીમહારાજમાં વપરાયેલો એ પણ એક વિચાર ઉપર આવીને નક્કી કરવા જેવું છે. ષડક્ષરમાંથી બે અક્ષરોને બીજી કનિષ્ઠ વ્યક્તિમાં લઈ જાય તો તે મંત્ર ષડક્ષર રહે પણ નહિ, એ પણ વિચારવા જેવું છે...''

સ્વામી જેવા વિદ્વાન સંત આવો પુનરુક્તિ દોષ કરે તેમકહેવું તે કરતાં તેમણે 'સ્વામિનારાયણ' શબ્દમાં આવેલ 'સ્વામિ' શબ્દનો જુદો પણ અર્થ કર્યો છે તેમ કહેવું વધારે ઉચિત છે ? અને ઉપરોક્ત પ્રાચીન શ્લોકના સંદર્ભનું મૂળ ઉપલબ્ધ ન હોવાથી આ વિષ્ણુપુરાણનો શ્લોક વિવાદાસ્પદ છે. આ શ્લોક નોંધનાર વિદ્વાનોમાંથી કોઈએ તેને વિષ્ણુપુરાણનો શ્લોક ગણાવ્યો છે. કોઈએ આર્ષવચન કહ્યું છે. કોઈ વળી સ્મૃતિમાંથી ઉદ્ધૃત કરેલ ગણાવે છે. પરંતુ કોઈપણ વિદ્વાને સંદર્ભ ક્રમાંકો દર્શાવ્યા નથી. વિષ્ણુપુરાણમાં આ શ્લોક જોવા મળતો નથી. આમ, સંદર્ભનું મૂળ પ્રાપ્ત ન થતા તેની ઐતિહાસિકતા પર પણ સંદેહ વધારે છે. તો તમે કેમ કહી શકો કે સ્વામી શબ્દ અક્ષરમુક્ત ગુણાતીતાનંદ સ્વામી માટે ન હોય શકે ? અને જો સ્વામી શબ્દ કેવળ પુરુષોત્તમનારાયણ માટે જ પ્રયોજાતો હોય તો બીજા ધર્મશાસ્ત્રોનું પ્રમાણ આપો.

**સંત** : શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ''...અને પુરુષોત્તમનારાયણ તે સર્વના સ્વામી છે.'' (ગઢડા પ્રથમપ્રકરણ : ૨૧) ''...અને ભગવાન સર્વના **સ્વામી** છે. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને તે સર્વના સ્વામી એક જ ભગવાન છે.'' (ગઢડા અંત્ય પ્રકરણ : ૩૯)

વચનામૃતના ઉપોદ્‌ઘાતમાં 'श्रीकृष्णो भगवांस्तत्र सदा स्वामी विराजते...' - એ જ સ્વામી અને નારાયણ શબ્દ અવતારી ભગવાન શ્રીહરિ માટે વપરાયેલ છે. અને એનો અર્થ પણ એનો એ જ લીધો છે.

- 'स्वामी नारायणो द्रष्ट्वा' - (સત્સંગિજીવનઃ)

- 'त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे' (સત્સંગિજીવનઃ)

''સર્વ જગતના સ્વામી તમે એક જ છો. વગેરે શાસ્ત્ર વચનને અનુસાર સકલ ઐશ્વર્ય સંપન્ન હોવાથી એક શ્રી નારાયણ જ સ્વામી શબ્દ વાચ્ય છે પણ ઈતર કોઈ તત્ત્વો નહિ.''

- 'स हि नारायणः स्वामी' - (સત્સંગિજીવનઃ)

- 'स्वामी ब्रह्म परब्रह्म' - (સર્વમંગલ સ્તોત્ર)

સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકામાં સ્વામી શબ્દનો અર્થ કરતા લખે છે :

'स्वामिशब्दः पतिपर्यायः,

स्वाश्रितसकलजनानां, कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः ।' - સ્વામી-સ્વં - ઐશ્વર્ય એમનું છે માટે સ્વામી, ઐશ્વર્યાતિશયના દર્શનથી આશ્રિત લોકોએ સ્વામિ નામથી નિર્દેશ કરાતા. અર્થાત્ સર્વ ઐશ્વર્યસંપન્ન. અથવા સ્વામિ શબ્દ પતિપર્યાય લેવો, પોતાના આશ્રિત સમસ્ત જનોનું કાળ-માયા-યમાદિક થકી રક્ષણ કરવા સમર્થ છે, માટે પતિ કહ્યાં છે.

(સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)



"...ભારદ્વાજ સંહિતામાં પરિશિષ્ટમાં કહે છે : 'श्रीमन्नारायणः स्वामी दासस्त्वमसि तस्य वै' - (ભારદ્વાજ સંહિતા : ૨/૪૪) "શ્રી નારાયણ ભગવાન સ્વામી છે, તું તેનો દાસ છો." એમ પરમાત્માને માટે જ સ્વામી શબ્દનો પ્રયોગ કર્યો છે..."

આ વાતને શ્રીમદ્ ભાગવતમાં શબ્દશઃ કહી છે : 'स वै पतिः स्यादकुतोभयः स्वयं समन्ततः पाति भयातुरं जनम् ।' - સ્મૃતિમાં કહ્યું છે : 'पतिं विश्वस्य' - 'पतिं पतिनाम्' - 'भुवनस्य जातः पतिरेक आसीत्' - 'एष भूपतिरेष भूतपालः' - 'दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः' - 'हरेः स्वाम्यं' - 'स्वामित्वं ब्रह्मणि स्थितम्'

ભારદ્વાજ સંહિતામાં પરિશિષ્ટમાં કહે છે : 'श्रीमन्नारायणः स्वामी दासस्त्वमसि तस्य वै' - (ભારદ્વાજ સંહિતા : ૨/૪૪)

"શ્રી નારાયણ ભગવાન સ્વામી છે, તું તેનો દાસ છો." એમ પરમાત્માને માટે જ સ્વામી શબ્દનો પ્રયોગ કર્યો છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુપરંપરામાં પ્રાચાર્ય તરીકે ભગવાન શ્રીહરિએ સ્વીકારેલા શ્રી રામાનુજાચાર્ય તેમણે રચેલા શરણાગતિ ગદ્યના ભાષ્યમાં કહે છે : 'श्रीमन्नारायणः स्वामिन् इत्यादौ मन्त्रान्तरे च तद् द्रष्टव्यम्' - (શરણાગતિ ગદ્ય ભાષ્ય)

"આ પ્રકારનું વાક્ય લખીને નારાયણ અને સ્વામી શબ્દના સહ સંબંધવાળા મંત્રનું પ્રતિપાદન કર્યું છે."

ઉપરોક્ત વાતની પુષ્ટિ પુરુષોત્તમલીલામૃત સુખસાગરના તરંગ ૧ ઉમાં ભગવાન શ્રીહરિએ કરી છે, તે આપણે આગળ જોઈ ગયા છીએ.

**✣ મહામુક્ત સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા અભિપ્રેત શ્રી સ્વામિનારાયણ મંત્રાર્થ :**

શિક્ષાપત્રી ઉપર વ્યાખ્યા ગ્રંથકર્તા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ જ અર્થદીપિકા નામની મહા ટીકા શાસ્ત્રાનુસારી કરી છે. જેને સાંભળીને શ્રીજીમહારાજે 'અમારો સઘળો અભિપ્રાય આમાં બરોબર આવ્યો છે' એમ કહીને ટીકાની પ્રશંસા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સાથે કરેલી તે સત્સંગિજીવનમાં જ સુવ્યક્ત છે. 'स्वामी = सकलैश्वर्यसंपन्नः स्वम् ऐश्वर्यं अस्य अस्ति इति स्वामी, नारायणः नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः अन्तर्यामी' - એવો અર્થ કર્યો છે. આ જોતાં સકળ ઐશ્વર્ય સંપન્ન તે સ્વામી અને સર્વની અંદર બહાર વ્યાપીને રહેલા અંતર્યામી એવો અર્થ કર્યો તે 'योऽन्तर्यामितया स्थितः' - આ શિક્ષાપત્રી વચનને અનુરૂપ છે. એમ કરીને પ્રાચીન શાસ્ત્રોએ તથા આચાર્યોએ બંને શબ્દના જે અર્થો કર્યા છે, તેની સાથે મેળવીને એકાર્થતા સંપાદન કરી છે. 'स्वामिशब्दः पतिपर्यायः, स्वाश्रितसकलजनानां, कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः । नरस्य नराकृतेर्धर्मस्यापत्यं पुमान्नारायणः, स चासौ स च' - એવો પતિરૂપ બીજો અર્થ 'स वै पतिः स्यादकुतोभयः' - આ વચનને અનુસરતો કર્યો છે. પણ સમાસ તો એનો એજ રાખ્યો છે. આ ઉપરથી સુનિશ્ચિત થયું કે 'સ્વામિ' શબ્દથી બીજી વ્યક્તિ અને 'નારાયણ' શબ્દથી બીજી વ્યક્તિ નહિ, પરંતુ એક જ વ્યક્તિ ધર્મનંદન શ્રીહરિકૃષ્ણ છે. એમ બંને શબ્દોને મુખ્ય રાખીને એક ભગવાન શ્રીહરિ વિષે જ રમ્ય રીતિએ અર્થ ઘટાવ્યો છે.

**✣ શ્રી સ્વામિનારાયણ શબ્દાર્થ પ્રત્યક્ષ શ્રીહરિ સ્વરૂપ ગ્રંથરાજ સત્સંગિજીવનની દૃષ્ટિએ :**

શ્રીમદ્ સત્સંગિજીવન, સર્વમંગલમાં 'स्वामी ब्रह्म परब्रह्म' - એમ પ્રથમ નંબરે સબીજ મૂકેલા સ્વામી નામનો અર્થ વિસ્તાર તેની ટીકામાં કર્યો છે. 'स्वं' - ઐશ્વર્ય જેમનું છે તે સ્વામી કહેવાય 'स्वामिन्नैश्वर्ये' - આ સૂત્રથી સ્વામિ શબ્દ સિદ્ધ કરવામાં આવ્યો છે. અર્થાત્ સર્વ જગતનું સર્જવાપણું, આત્માપણું, અંતર્યામીપણું, સર્વાધારપણું, સર્વફળ પ્રદાતાપણું વગેરે બહુવિધ ઐશ્વર્યવાળા જે હોય તે ખરા સ્વામી કહેવાય. આથી એમનું એકનું જ ઉપાસ્યપણું જણાવ્યું. માટે જ સ્વામિ શબ્દ એક સર્વેશ્વર ભગવાન શ્રીહરિ વિષે જ ખરી રીતે પ્રવર્તે છે. આ જ મુખ્ય અર્થ સર્વ નામોમાં પહેલે જ નંબરે હોવાથી સહસ્ત્ર નામો મધ્યે સ્વામી નામનો પહેલે જ નંબરે નિવેશ મહાવૃદ્ધોએ કર્યો છે. આથી નક્કી થાય છે કે ભગવાન શ્રીહરિના હજાર નામો મધ્યે

સ્વામી નામજ મુખ્ય સાર્થક છે. આ નામનો જે અર્થ કર્યો તે સર્વ નામોના બીજભૂત હોવાથી સર્વ નામોમાં અનુસ્યૂત સમજી લેવો જરૂરી છે. 'आत्मदास्यं हरेः स्वाम्यम् स्वत्वमात्मनि संजातं स्वामित्वं ब्रह्मणिस्थितम्' - આત્માઓ ભગવાન શ્રીહરિના સ્વભાવથી દાસ છે અને ભગવાન શ્રીહરિ સ્વામી છે. આત્માઓમાં દાસપણું રહેલું છે ને શ્રીજીમહારાજમાં સ્વામિપણું રહેલું છે. 'त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे' - (શ્રીમદ્ સત્સંગિજીવન) સર્વ જગતના સ્વામી એક તમો જ છો. ઈત્યાદિ શાસ્ત્ર વચનને અનુસારે સકળ ઐશ્વર્ય સંપન્ન હોવાથી સ્વામી અને સર્વની અંદર-બહાર આત્માપણે વ્યાપી રહેલા હોવાથી નારાયણ અને તે બંને મળીને 'अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा' - સર્વજનોમાં આત્માપણે પ્રવિષ્ટ થઈને સર્વજનોને નિયમન કરનારા હોવાથી **'સ્વામિનારાયણ'** એવા સાર્થક નામથી કહેવાય.

શ્રીમદ્ સત્સંગિજીવન(પ્ર.૨, અ.૨૮, શ્લોક ૧૬)માં 'श्री स्वामिनारायणः' - આ શબ્દનો અર્થ 'सर्वेषां निरुपाधिकः स्वामी नारायणः' - આ રીતે કર્યો છે. અભિપ્રાય એ છે કે સર્વ કોઈના નિરૂપાધિક અર્થાત્ સ્વભાવ સિદ્ધ સ્વામી એવા નારાયણ તે **સ્વામિનારાયણ** કહેવાય. શ્રીમદ્ સત્સંગિજીવનમાં 'स्वामी नारायणो दृष्ट्वा, इत्थं नारायणः स्वामी, स हि नारायणः स्वामी, स्वामी नारायणः सोऽयं नित्यं' - આ રીતે સ્વામી શબ્દને અંતે વિભક્ત્યન્ત પૃથક્ પણ નારાયણ શબ્દ સાથે જ રાખ્યો છે. કોઈ સ્થળે બંને શબ્દો પૃથક્ પણ છે. પરંતુ અર્થ તો એનો એજ સંગત સુંદર છે. આ પ્રકારે આવા અસાધારણ જપનીય ભજનીય મંગળ સ્વામિનારાયણ નામનો શાસ્ત્રાનુસારી સંપ્રદાયનુસારી અર્થ મહાજનોએ નક્કી કર્યો છે.

**આનાથી એ અર્થ ફલિત થાય છે** કે 'સ્વામી' શબ્દનો મુખ્ય પ્રયોગ શ્રી નારાયણને વિષે જ થઈ શકે. ઈતર જગ્યાએ પ્રયોજવામાં આવતો સ્વામી શબ્દ ગૌણ છે. કારણ કે અંતર્યામી શક્તિ પ્રયુક્ત નિયમન અને બાહ્ય નિયમનરૂપ ઐશ્વર્ય એક નારાયણમાં જ સંભવે છે. ઈન્દ્ર, બ્રહ્મા, વૈરાજ, પ્રધાનપુરુષ કે અક્ષર બ્રહ્મમાં આવું ઐશ્વર્ય નથી. ઈન્દ્ર-બ્રહ્માદિ ઈશ્વરો ત્રિલોકી, ચૌદલોકી બ્રહ્માંડનું નિયમન જરૂર કરે છે. તેથી તેને સ્વામી પણ કહી શકાય; પરંતુ તેઓનું સ્વામિત્વ તે તે લોકના બાહ્ય નિયમન પૂરતું જ સીમિત છે. સર્વ બ્રહ્માંડોમાં એમનું નિયમન નથી. તેઓ તે તે બ્રહ્માંડોના સ્વામી હોવા છતાં એક બીજાની દૃષ્ટિએ દાસ પણ છે. ઈન્દ્રનું ત્રિલોકમાં ચાલે, પરંતુ ચૌદ લોકમાં નહિ. ચૌદ લોકનું નિયમન બ્રહ્મા કરે. બ્રહ્માજીની પાસે ઈન્દ્ર દાસ કહેવાય, વિરાટ પાસે બ્રહ્મા દાસ કહેવાય, પ્રધાન પાસે વિરાટ દાસ કહેવાય, મહાપુરુષ પાસે પ્રધાન દાસ કહેવાય અને અક્ષરબ્રહ્મ પાસે સર્વે ઈશ્વરો દાસ કહેવાય, અક્ષરબ્રહ્મ એમના સ્વામી કહેવાય. છતાં મૂળ અક્ષરબ્રહ્મ પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણ પાસે તો દાસ જ છે. કારણ સર્વ શક્તિમાન અક્ષરબ્રહ્મનું નિયમન એક પરમાત્માને છોડીને બધે છે; પરંતુ પરમાત્માનું નિયમન અક્ષરબ્રહ્મ કરતા નથી.

**'સ્વામી' એ છે જે સર્વનું નિયમન કરે.** સર્વ શબ્દમાં 'संकोचे मानाभावात्' - કોઈપણ તત્ત્વનો સંકોચ કર્યા સિવાય અક્ષરબ્રહ્મથી માંડી અન્ય જીવો સુધી તમામચેતનવર્ગ અને જડવર્ગનું પરમાત્મા નારાયણ જ નિયમન કરે છે. સર્વનું નિયમન પરમાત્મા કરે છે તેથી સ્વામી શબ્દનો મુખ્ય પ્રયોગ એક નારાયણને વિષે જ લાગુ પડે છે, પરંતુ અક્ષરબ્રહ્મને વિષે નહિ. કારણ કે વેદોએ પરમાત્માને અક્ષરબ્રહ્મના આધારપણે વર્ણવ્યા છે.

આ જ સંદર્ભમાં વેદોની શ્રુતિને વચનામૃતમાં સ્પષ્ટતા કરતા શ્રીજીમહારાજ કહે છે : "...અક્ષરના બે સ્વરૂપ છે એક તો નિરાકાર, એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે." (ગઢડા પ્રથમપ્રકરણ : ૨૧)

**✣ સ્વામીત્વનો અર્થ ન્યાયશાસ્ત્રની દૃષ્ટિએ :**

વેદ અને વચનામૃત પ્રમાણના આધારે જીવાત્મા, મુક્તાત્મા કે અક્ષરાત્માને વિષે જે સ્વામીપણું છે તે દાસત્વ યુક્ત છે. ન્યાયશાસ્ત્રની ભાષામાં કહેવું હોય તો 'दासत्वावच्छिन्न स्वामीत्वम् अन्येषां तत्त्वानाम् ।' - દાસત્વભાવે યુક્ત સ્વામિત્વ બધાનું છે; પરંતુ 'दासत्वानवच्छिन्न स्वामीत्वं नास्ति ।' - દાસત્વભાવ રહિતનું વિશુદ્ધ સ્વામિત્વ તો એક પરમાત્માને વિષે જ છે. તેથી ખરા અર્થમાં સ્વામી એક નારાયણને જ કહી શકાય. અક્ષરબ્રહ્મને પણ નહીં. એ શાસ્ત્ર પ્રમાણ સિદ્ધ વાત છે.

અને દુષ્ટતુષ્ટિ-ન્યાયથી તમારી વાત માની પણ લઈએ, પરંતુ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને સં. ૧૮૬૬માં શ્રીજીમહારાજે ડભાણના યજ્ઞ સમયે દીક્ષા આપી હતી. 'સ્વામિનારાયણ' નામનો ઉદ્‌ઘોષ સં. ૧૮૫૮ માગશર વદ-૧૧ (તા. ૩૧-૧૨-૧૮૦૧)થી થયો છે. એટલે ૮ વર્ષ 'સ્વામી' શબ્દ નિરર્થક પડી રહેલો ? કે કોઈ બીજા માટે વપરાયેલો ? કે શ્રીજીમહારાજમાં વપરાયેલો એ પણ એક વિચાર ઉપર આવીને નક્કી કરવા જેવું છે.

ષડક્ષરમાંથી બે અક્ષરોને બીજી કનિષ્ઠ વ્યક્તિમાં લઈ જાય તો તે મંત્ર ષડક્ષર રહે પણ નહિ, એ પણ વિચારવા જેવું છે.

**જિજ્ઞાસુ-પ્રશ્ન-૩ :** કોઈપણ એક શબ્દના અનેક અર્થ થઈ શકે ખરા ?

**સંત :** હા.

**જિજ્ઞાસુજનો :** કેવી રીતે, કૃપા કરીને સમજાવશો ?

**સંત :** અવશ્ય. એક સરસ રોચનાત્મક દૃષ્ટાંતથી સમજીએ તો સમજાય જશે કે એક શબ્દના મનફાવે તેવા અર્થ થઈ શકે છે. પરંતુ તેનો ભાવાર્થ સિદ્ધાંત રૂપ નથી હોતો.

ચોખાનો ભાવ ? ૬૦ રૂપિયે કિલો.

અડદની દાળ ? ૩૫ રૂપિયે કિલો.

ઘઉં ? ૧૫ રૂપિયે કિલો.

તુવેરની દાળ ? ૩૦ રૂપિયે કિલો.

તુવેરની દાળ બરાબર ચડશે તો ખરીને ?

કેમ આમ પૂછવું પડ્યું.

મારે ૫૦ કિલો જોઈએ છે એટલે.

શેઠ ! બિલકુલ ચિંતા ન કરો, મારો માણસ તમારી સાથે આવશે અને તમે કહેશો એટલામે માળે તમે જેટલી તુવેરની દાળ લેશો એ બધીજ ચડાવી દેશે.

આજનો માણસ બુદ્ધિના અભાવથી જેટલો પીડાય છે, બુદ્ધિની અલ્પતાથી જેટલો પીડાય છે એના કરતા અનેકગણો તો બુદ્ધિના દુરુપયોગથી પીડાય છે. એ વિકૃત અર્થઘટન જ કરવા માગે છે. સામા માણસના કહેવાનું તાત્પર્ય એના ખ્યાલમાં નથી આવતું એવું નથી. એ હાથે કરીને ગાડી અવળે પાટે જ ચડાવતો જ રહે છે. શાસ્ત્રના શબ્દો એક ચોક્કસ બાબત તરફ ઈશારો કરી રહ્યા છે. અને સાંભળનાર કે વાંચનાર એ શબ્દોનું અલગ જ અર્થઘટન કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં ફેરફાર થવાની શક્યતા લગભગ નહિવત્ છે. કારણ કે શબ્દોના અર્થઘટનની જવાબદારી છે મનના શિરે અને મન છે સ્વાર્થી સ્વચ્છંદી અને તકવાદી. એ શબ્દોનો એવો જ અર્થ કાઢશે કે જે એને પોતાને અનુકુળ હોય.


શું કરશો માણસનું ? એ કદાચ સારું જોશે પણ ખરો, સારું સાંભળશે પણ ખરો, સારું વાંચશે પણ ખરો, પરંતુ એનો અર્થ તો તે પોતાને જેવો કાઢવો હશે તેવો જ કાઢશે. **માટે મુમુક્ષુ સાવધાન....!!!**

ભગવદ્ભક્તોએ - ભગવદ્રસના પ્યાસુ અને જિજ્ઞાસુઓને જ તાત્ત્વિક, વાસ્તવિક અર્થ જાણવાની અને માણવાની તમન્ના હોય છે.

इत्यलम्, अस्तु विरम्यते शतशः जयश्री स्वामिनारायण पुरःसरम् ।



વાઙ્મય સ્વરૂપ શિક્ષાપત્રીની ૧૮૨મી જન્મજયંતી પ્રસંગે આવો નિહાળીએ શ્રીજીમહારાજના 'સર્વજીવહિતાવહ' દયાળું સ્વભાવને...



# કોઈને દુ:ખીયો રે, દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળા થાય...

**સં. ૧૮૮૨ મહા સુદ - ૫ (વસંતપંચમી)**

- સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પાર્ષદ રાજુ ભગત - સરધાર

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી લખી સમગ્ર માનવજાત ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. કારણ કે આ શિક્ષાપત્રી માત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે જ નહિ પણ જે કોઈ વ્યક્તિને આ લોક અને પરલોકમાં સુખી થવું હોય તેના માટે શિક્ષાપત્રી અંતિમ ઉપાય છે. જો કે લખવું-બોલવું તે એક વાત છે ને વર્તવું તે બીજી વાત છે. ઘણા સાગર જેવું લખે છે, બોલે છે પરંતુ તેમનું જીવન શેવાળ જેવું સ્થગિત હોય છે. એમનો આત્મા ગુફાઓની અંધારી દિવાલને વળગેલો હોય છે. અને જે વર્તે છે તેમના મસ્તક પર્વતોના શિખરથીએ ઊંચા બની જાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં જે કંઈ લખ્યું તે સર્વે વાત સ્વજીવનમાં તદાકાર વર્તી બતાવી. બાળપણથી જ દેવમંદિરે દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું તથા બપોરે આરામ કરવો હોય તો પણ શિવજીના મંદિરે જઈ કરતા. એ એમના સ્વાભાવિક ગુણો હતા. માત્ર ૧૧ વર્ષની સુકુમારવયે તેમણે સંસારનો ત્યાગ કરી સાત વર્ષ સુધી કઠીન તપશ્ચર્યા કરતા વનવિચરણ કર્યું. અરે ! માત્ર ૨૧ વર્ષની ઉંમરે આધ્યાત્મિક ધર્મધુરા સંભાળી હિંદુ સંસ્કૃતિના શાશ્વત મૂલ્યોને વ્યક્તિ વ્યક્તિમાં સિંચવા પ્રચંડ પુરુષાર્થ કર્યો. તેમના સંમોહક દિવ્ય વ્યક્તિત્વે બધાજ ક્ષેત્રોની શ્રેષ્ઠ વ્યક્તિઓને આકર્ષિત કરી પોતાના શિષ્યપદે સ્વીકારી લીધી. તેમના જીવનકાર્ય જોઈને લોકોએ પરબ્રહ્મના

રૂપમાં એમની ઉપાસના કરી. દરેક પ્રત્યે તેઓએ આધ્યાત્મિક મૂલ્યોના સિંચનથી પ્રેમઅને અહિંસા દ્વારા સમાજને કુરીતીઓ, વ્યસનો, અંધશ્રદ્ધા અને વહેમોથી મુક્ત કર્યા. જાતિ સંપ્રદાય રંગ અને વિભિન્ન દેશનો ભેદભાવ ભૂંસી તેમણે બધાને સ્વીકાર્યા અને અંતિમ મોક્ષની પદવી આપી.



ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ પૃથ્વી પરનું જીવન એટલે મૃદુ માનવતા અને અસીમ દયાની ગાથા છે. કારણ કે તેમણે ૪૪ વર્ષ ૯ મહિના ને ૨૬ દિવસની ઉંમરે લખેલી શિક્ષાપત્રી એજ બતાવે છે. તે શિક્ષાપત્રીમાં સૌપ્રથમ અહિંસાનો ઉપદેશ આપી પોતાની દયાળુતા ગુણને અનેક ગુણો વચ્ચેથી શિરમોડ સ્થાન આપ્યું છે. શિક્ષાપત્રીમાં પોતાની આધ્યાત્મિક શ્રેષ્ઠતાનો પરિચય કરાવ્યો છે. જેમાં હિંદુ સંસ્કૃતિના ૩૫૦ જેટલા મહાન સમ્રાટ ગ્રંથોનો સમન્વય કરી આ શિક્ષાપત્રી ગ્રંથ બનાવ્યો છે.

શિક્ષાપત્રીમાં સૌપ્રથમ અહિંસાનો ઉપદેશ આપતા શ્રી સહજાનંદ સ્વામી (શ્રીજીમહારાજ) લખે છે :

'कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः । सूक्ष्मयुक्तामत्कुणादेरपि बुद्ध्या कदाचन ।।'

''અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી.''

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૧)

'अहिंसा परमो धर्मः' આ સનાતન સત્યને સમર્થન કરતા ભગવાન શ્રીહરિ દયાના દરિયાવ હતા. જેથી સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી લખે છે :


'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો; પરદુઃખહારી રે, વારી બહુનામીનો.....૬
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળા થાય.....૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરૂણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે.....૮'

(સ્વાભાવિક ચેષ્ટા : પદ - ૬)

પરમહંસોની આ પંક્તિઓ કેવળ કલ્પનાની જ કૃતિઓ નથી. આ આલેખનમાં તેમની અનુભૂતિની અભિવ્યક્તિ જણાય છે.

**"...ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવનાર પ્રત્યેકને તેમની આ દયાભાવના અને સેવાવૃત્તિનો અનુભવ થયા વગર રહેતો નહિ. રોગથી પીડાતી કે દુઃખી વ્યક્તિને જોતાં જ તેમનું હૃદય દ્રવી જતું, તેના પર તેમની કરુણાની હેલી વરસી જ જતી. આ તેમની સાહજિક પ્રકૃતિ હતી..."**

ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવનાર પ્રત્યેકને તેમની આ દયાભાવના અને સેવાવૃત્તિનો અનુભવ થયા વગર રહેતો નહિ. રોગથી પીડાતી કે દુઃખી વ્યક્તિને જોતાં જ તેમનું હૃદય દ્રવી જતું, તેના પર તેમની કરુણાની હેલી વરસી જ જતી. આ તેમની સાહજિક પ્રકૃતિ હતી.




ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે દેવસંબંધી કે મનુષ્ય સંબંધી કે રોગાદિ આપદા આવી પડે, તો પીડિતો માટે મદદરૂપ થવું. વળી કહ્યું છે : 'भाव्यं दीनेषु वत्सलैः' - 'દીનજનને વિષે દયાવાન થવું.'

રોગાર્ત વ્યક્તિ પ્રત્યે પોતાની દયાવૃત્તિનુ વૃત્તાંત વર્ણવતાં તેઓ વચનામૃત ગઢડા

પ્રથમપ્રકરણના ૧૦માં કહે છે : ''અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં એક સેવકરામનામે સાધુ હતો. તે શ્રીમદ્‌ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો. તેની પાસે રૂપિયા હજારની સોનામહોરો હતી, પણ ચાકરીનો કરનારો કોઈ નહીં, માટે રોવા લાગ્યો. પછી તેને અમે એમ કહ્યું જે 'કાંઈ ચિંતા રાખશો મા ! તમારી ચાકરી અમે કરીશું..' તે સાધુ ચાલી શકે એવો રહ્યો નહીં અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી, પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી. અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા.''

પછી મહારાજ કહે છે કે અમે તેને રસોઈ કરીને જમાડતા ને અમે વસ્તીમાં જઈ જમી આવતા, ક્યારેક ન મળે તો ઉપવાસ પણ થઈ જતો.

ભાર નામે એક રૂમાલ પણ ન રાખે એવી વિરક્ત પ્રકૃતિ ધરાવતા નીલકંઠ વર્ણી માર્ગે મળેલા કોઈ અજાણ્યા સાધુની અનહદ સેવા કરે છે ને જીવલેણ બીમારીમાંથી તેને બેઠો કરે છે, પોતે ભૂખ્યા રહીને તેને રાંધીને જમાડે છે ! મેલું ધૂએ છે, એટલું જ નહીં તેને સંપૂર્ણ સાજો કરીને આગળ યાત્રા કરે છે ત્યારે પણ તેનો મણ એકનો ભાર ઉપાડીને ચાલતા. આવી સેવા તેમણે સતત બે મહિના સુધી કરી.



એક અજાણ્યા સાધુની પ્રત્યે પણ મહારાજની કેટલી અપાર દયા...!!!

શ્રીજીમહારાજે ઓગણોતેરા અને છોતેરાના કાળમાં વાવ, કુવા અને તળાવ ગળાવીને, સદાવ્રતો બાંધીને અને જાતે ઘેર ઘેર જઈને અનાજ આપીને લોકોને અને ઢોરોને જીવતાં રાખ્યાં હતાં.

ભગવાના શ્રી સ્વામિનારાયણે જેતપુરમાં ધર્મધુરા સંભાળી ત્યારે ગુરુવર્ય રામાનંદ સ્વામી પાસે માગેલું કે, 'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર(ભીખ માગવાનું) લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.' (વચ. પ્ર. પ્રકરણ : ૭૦)

ભગવાન શ્રીહરિની આ વરદાન યાચના તેઓની દયાભાવનાના પ્રતિબિંબ રૂપ છે.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી શ્રીજીમહારાજની દયાનું દર્શન કરાવતાં ચોસઠપદીમાં લખે છે :-

'કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;
મર આપિયે સો સો શીશ, તોયે વણ મળ્યાની વાત છે રે...
કિયાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;
કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે...
અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે...
તૈયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;
કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય તેને સાથજી રે...'

જીવના મોક્ષ માટે ભગવાન શ્રીહરિ દયા કરીને પૃથ્વી પર પધારે છે. એટલું જ નહિ પણ અનેક મુશ્કેલીઓ વેઠી ભક્તો માટે સતત વિચરણ કરે છે. આ તેઓની અકારણ દયા છે.

શ્રીજીમહારાજની કરુણામય છબિના દર્શન કરીને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીથી એટલે જ લખાઈ ગયું હશે : 'अतिकारुण्यनयनाय नमः ।' એવા કરુણાસાગર શ્રીજીમહારાજ પોતાના ભક્તોની રક્ષાને કાજે હંમેશને માટે વ્હારે આવે છે. ભગવાન શ્રીહરિની કરુણામય

ચરિત્રમાળામાં છપૈયામાં સરોવરના માછલાંઓ યા અંધજનો પ્રત્યે બાળપ્રભુ શ્રી ઘનશ્યામની દયાની ઝાંખી થાય છે, તો દ્વેષીલાઓએ મુક્તાનંદ સ્વામીને ચંદનમાં ભેળવેલ ઝેરથી રક્ષા કરતા હોય કે ગાઢ જંગલમાં માર્ગ ભૂલેલા સંતોને જંગલી પ્રાણીઓથી રક્ષાર્થે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને સંતોની સંભાળ લેતા જણાય છે, મેઉં ગામમાં એક સ્ત્રીભક્તના હૈયાફાટ રૂદનથી દયાનિધિ મહારાજનું હૃદય દ્રવી જતું દેખાય છે, જસદણના વાસુર ખાચરથી નાજા જોગિયાનું સંકટ હરતા હોય કે સારંગપુરના નિરાધાર લખાભક્તના આધાર બનીને આખી રાત્રિ મોભને ખભે રાખીને સહાય કરતા હોય, ઓધવજી ભક્તને ચાર ચોરોથી છોડાવતા હોય કે પછી કંથકોટના રામબાઈની સિંધના સુમરાથી રક્ષા કરતા હોય, મોરબીના દરબાર રવાજીના ઉપદ્રવથી દેદલ ભક્તની મદદ કરીને દુઃખ દૂર કરતા હોય કે રાજુલાના નાગદાન સોનીની સાગરમાં સહાય કરતા હોય વગેરે નિષ્ઠાવાન ભક્તોના દુઃખમાં સહાય કરીને શ્રીજીમહારાજે પોતાનામાં રહેલો દયાળુતાનો ગુણ અપ્રકટ રહેવા દીધો હોય તેમ જણાતું નથી. (અર્થાત્ તુરત જ દયાર્દ્ર થયેલા છે.)

શ્રીજીમહારાજમાં રહેલા અનેક ગુણોમાં દયા તેઓના જીવનમાં વિશેષતઃ જોવા મળે છે. ઔપચારિક દૃષ્ટિએ જોઈએ તો જે કોઈ મહાપુરુષો-આચાર્યો-ભગવાનના અવતારો એ સમગ્રમાં દયા વિશેષે જોવા મળે છે.

હિંદુ ધર્મમાં ૨૪ અવતારોમાં અનુક્રમે ૨૩મું સ્થાન બુદ્ધ ભગવાનનું છે. જેમનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૬૩ અર્થાત્ ૨૫૭૦ વર્ષ પહેલા ગયાજી પાસે ક્રિકટ ગામે અજિન નામના પ્રિય ભક્તને ત્યાં થયો હતો. જેમનું સૂત્ર **'જીવપ્રાણી માત્રની હિંસા ન કરવી'** એ હતું. તે માટે તો અંગુલીમાન જેવા કેટલાય નિર્દય લૂંટારાને અહિંસક બનાવ્યા. બ્રાહ્મણો વેદનો આધાર લઈ હિંસામય યજ્ઞ કરતા તેથી વેદનું ખંડન કરેલું. આજે આ બોદ્ધ ધર્મની વસ્તી ૫૦ કરોડથી વધારે છે.

શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક સાહેબનો જન્મ ઈ.સ. ૧૪૬૯માં પંજાબના તલવંડી (હાલ પાકિસ્તાનમાં શેખપુર જિલ્લો) ગામમાં થયો હતો. એકવાર પિતાજીની આજ્ઞાથી ખેતરમાં ગયા હતા. ત્યાં પોતાના દયાવાન સ્વભાવના કારણે પક્ષીને ઉડાડવાને બદલે તેઓ બોલે **'રામકી ચીડિયા રામકા ખેત, ખાલો ચીડિયા ભરભર પેટ.'** તેઓ ગૃહસ્થ હોવા છતાં તેમનું જીવન સૂત્ર **'પરિશ્રમ કરીને રોટી કમાવવી અને તેમાંથી બીજાઓને ભોજન કરાવવું.'** તેની જ પરંપરામાં દશમા ક્રમે ગુરુ ગોવિંદસિંહ થયા. જેમણે નાનક સાહેબના આ ઉપદેશને અનુસરી ઈ.સ. ૧૬૯૯માં ઘણાય સદાવ્રતો શરૂ કરાવ્યા. આ શીખ સંપ્રદાયની જનસંખ્યા બે કરોડથી વધારે છે.

જૈન ધર્મના ચોવીસ તીર્થંકર, તેમાં પ્રથમ ઋષભદેવ ભગવાન અને ચોવીસમા મહાવીર સ્વામી. તે દયાના પ્રતિક સમા હતા. તેમનો જન્મઈ.સ. ૫૯૯ પૂર્વે એટલે કે ૨૬૦૬ વર્ષ પહેલા બિહાર રાજ્યના કુંડપુર નગરમાં થયો હતો. તેઓનું જીવન સૂત્ર **'આપણને જીવવું ગમે છે તેમ દરેકને જીવવું ગમે છે, માટે દરેકને જીવવાનો અધિકાર સરખો જ છે.'** હાલમાં જૈન સંપ્રદાયની સંખ્યા એક કરોડની છે.

ઈસાઈ ધર્મના સ્થાપક ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ૪માં થયો હતો. તેઓનું જીવન સૂત્ર **'માનવ સેવા એજ પ્રભુ સેવા.'** આ સૂત્રથી તો આજે સમગ્ર દુનિયામાં સૌથી મોટો સંપ્રદાય આ છે. આજે આ સંપ્રદાયની જનસંખ્યા ૨૦૦ કરોડથી પણ વધારે છે. આજ ધર્મને ખ્રિસ્તી ધર્મ કહે છે, ક્રિશ્ચયન પણ કહે છે.

ઈસ્લામ(મુસ્લિમ) ધર્મના સ્થાપક મહંમદ સાહેબનો જન્મ ઈ.સ. ૫૭૦માં સાઉદ અરેબિયાના મક્કા શહેરમાં થયો હતો. કુરેશ નામની ઉચ્ચ જ્ઞાતિમાં થયો હતો. તેઓનું જીવન સૂત્ર **'દરેક જીવપ્રાણીમાત્ર પરમાત્માનું કુટુંબ છે. કુટુંબ ભલું કરે તે જ પ્રભુને સૌથી વહાલો છે.'**

આમ, દરેક મહાપુરુષો-આચાર્યો ને અવતારોના મત દયાળુતાના જીવન સૂત્રો સાથે જ સહુએ પોતાના જીવન જીવ્યા છે. સંપ્રદાયોની સ્થાપના કરી છે. તેથી જ તો સ્વયં અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ શિક્ષાપત્રીમાં દયાનો ઉપદેશ આપતા સૌપ્રથમ ઉપદેશની શરૂઆત હિંસા નિષેધથી કરેલ છે. આ સમગ્ર અવલોકન કરતા એક નિર્વાદિત નક્કર સત્ય નજર સમક્ષ તરવરે છે કે જે કોઈને મહાન સત્પુરુષનું જીવન જીવવું હોય તેમણે પોતાના જીવનમાં દયારૂપી ગુણને સાકાર કરવો જ પડશે. માટે આજે ૧૮૨મા શિક્ષાપત્રી જન્મદિને શિક્ષાપત્રીના રચિયતા સર્વાવતારી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના શ્રીચરણોમાં નત મસ્તકે પ્રાર્થના કરીએ : 'હે મહાપ્રભુ ! આપે જીવનમાં સ્વીકૃત કરેલો દયારૂપી ગુણ અમારા જીવનમાં પણ કંઈક અંશે આવે, અમો અમારી નિર્દયતાને છોડી દયાવાન બનીએ' એ જ પ્રાર્થના સહ.. અસ્તુ... જય શ્રી સ્વામિનારાયણ...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે યોજાયેલ દક્ષિણ ભારતની



# ચતુર્થ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૮

**પ્રસ્થાન :-** તા. ૩૧-૧૨-૦૭ માગશર વદ - ૮, **આગમન :-** તા. ૧૫-૧-૦૮ પોષ સુદ - ૭

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

રાજકોટ જિલ્લાના સરધારધામના સુપ્રસિદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે જ્યાં ભગવાન શ્રી



સ્વામિનારાયણ નીલકંઠવર્ણી સ્વરૂપે વિચર્યા છે તે દક્ષિણ ભારતના તીર્થસ્થાનો નાસિક, ત્રંબકેશ્વર જ્યોર્તિલિંગ, પંઢરપુર, તિરૂપતિ બાલાજી, મદ્રાસ (ચેન્નાઈ), મહાબલીપૂરમ્, શિવકાંચી (વિષ્ણુકાંચી), પક્ષીતીર્થ, ભૂતપુરી, ત્રીચીના પલ્લી, શ્રીરંગક્ષેત્ર, રામેશ્વર, કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, બેંગ્લોર, મૈસુર વગેરે પવિત્ર ધામની યાત્રાનું નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'નું તા. ૩૧-૧૨-૦૭ માગશર વદ - ૮ થી તા. ૧૬-૧-૦૮ પોષ સુદ - ૭ સુધી આયોજન કરવામાં આવ્યુ હતું.

તા.૩૧-૧૨૦૭ના પ્રભાતકાળે પ્રભાતિયાના સૂરો સાથે યાત્રામાં જોડાનારાં જે યાત્રિકો, સંતો-ભક્તોએ સ્નાનાદિક વિધિ કરીને ૦૯.૦૦ કલાકે નૂતન મંદિરથી પૂ. સ્વામી તથા સંતો યાત્રિકો સાથે ધૂન-કીર્તનની રમઝટ કરતા જુના મંદિરે પધાર્યા. મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારી અને ગામના આગેવાન હરિભક્તોએ યાત્રિક સંતો-ભક્તોની પૂજનવિધિ કરીને દૂર પ્રાંતોથી આવેલ યાત્રિકોને સરધારથી રાજકોટ રેલ્વે સ્ટેશન જવા વિદાય આપી હતી.

**❖ રાજકોટ શ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શન અને રેલ્વે સ્ટેશનથી વિદાય...**

સરધારથી વિદાય લઈ સંતો-ભક્તો આદિક યાત્રિકજનો બરાબર ૧૦.૦૦ કલાકે રાજકોટમાં ભૂપેન્દ્ર રોડ પર આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. શ્રીહરિકૃષ્ણ મહારાજ વગેરે દેવોના દર્શન કરી રેલ્વે સ્ટેશને પધાર્યા. રાજકોટ સત્સંગ સમાજના હરિભક્તો વગેરે પણ ટ્રેનને વિદાય આપવા માટે પધાર્યા હતા. આગેવાન હરિભક્તોએ પૂ. સ્વામી વગેરે સંતો-ભક્તોનું પુષ્પહારથી સ્વાગત કર્યું. બરાબર ૦૧.૦૦ કલાકે પૂ. સ્વામીશ્રીના વરદ્ હસ્તે શ્રીફળ, કુંકુમતથા પુષ્પોથી ટ્રેનનું વેદમંત્રો ઉચ્ચારીને પૂજન કરવામાં આવ્યું. ટ્રેનના પાયલોટોને પણ કપાળે ચાંદલા કરી હારતોરા કર્યા. લીલીઝંડી મળતાની સાથે પ્લેટફોર્મ જયઘોષના નારાથી છવાઈ ગયું. ધીરે ધીરે ટ્રેન આગળ ધપવા માંડી. વિદાય આપવા આવેલ સંતો-હરિભક્તોએ હાથ ઊંચા કરીને ''જય શ્રી સ્વામિનારાયણ''ના બોલની સાથે યાત્રિકોને રાજકોટ રેલ્વે સ્ટેશનથી વિદાય આપી હતી.

**❖ અમદાવાદ રેલ્વે સ્ટેશને યાત્રિકોને દર્શન અને વિદાય આપવા પધારેલ**

**વડતાલથી પ. પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ**

સાંજે ૦૬.૩૦ કલાકે ટ્રેનયાત્રા અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશને પહોંચી. અહિંયા સર્વે યાત્રિકોની તીર્થયાત્રા શાંતિપૂર્વક અને નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તેવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રીના આશીર્વાદાત્મક સંદેશો લઈને વડતાલથી પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. પૂ. સ્વામીશ્રીએ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી હારતોરા કર્યા. ત્યારબાદ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીએ સર્વે યાત્રિકોને આશીર્વાદાત્મક સંદેશો સંભળાવીને પૂ. સંતોના કોચમાં પધરામણી કરી વિદાય થયા હતા. ત્યારબાદ અમદાવાદ સ્ટેશનથી ટ્રેન આગળ ધપવા લાગી હતી. વડોદરા, સુરત, વસઈ, કલ્યાણથી યાત્રિકોને લઈ ટ્રેનયાત્રા નાસિક તરફ આગળ વધી હતી.


**❖ તા. ૧-૧-૦૮ માગશર વદ - ૯, નાસિક-ત્ર્યંબકેશ્વર (મહારાષ્ટ્ર રાજ્ય)**

બરાબર ૦૮-૦૦ કલાકે ટ્રેનયાત્રા નાસિક રોડ રેલ્વે સ્ટેશને પહોંચી હતી. ચાલુ ટ્રેનમાં જ સર્વે યાત્રિકો પૂજાપાઠ નિત્યવિધિથી પરવારી ચૂક્યા હતા. સ્ટેશન પર નાસિકના હરિભક્તો દ્વારા સંતો-ભક્તોનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીંયાથી ૨૧ બસો દ્વારા પ્રથમત્ર્યંબકેશ્વર પધાર્યા. તમામયાત્રિકોએ ત્ર્યંબકેશ્વરમાં જ્યોતિર્લિંગના દર્શન કરી નીચે આવ્યા, પછી નાસિક મધ્યે વહેતી ગોદાવરી નદીમાં સ્નાન કર્યું. કાલારામમંદિર, સીતાગુફા, પંચવટી અને જે જગ્યાએ ભગવાન શ્રી સ્વામિનારાયણએ દંડકારણ્યની પ્રદક્ષિણા કરીને વિશ્રાંતિ લીધી હતી તે તપોવન બેઠક, શ્રી સ્વામિનારાયણ મંદિર, શૂર્પણખાના નાકછેદન સ્થાન વગેરે તીર્થોએ સંતો-ભક્તોએ ભાવથી દર્શન કર્યા. પછી નાસિક રોડ રેલ્વે સ્ટેશને પરત આવીને રસોડામાં સેવા આપી રહેલા એવા સંતો-ભક્તોએ તૈયાર કરેલ ઠાકોરજીના થાળનો પ્રસાદ સર્વે યાત્રિક હરિભક્તોએ જમી તૃપ્ત થયા હતા. બરાબર રાત્રિના ૯.૩૦ કલાકે ટ્રેનયાત્રા આગળ પંઢરપુર જવા માટે ગતિમાન થઈ હતી.

**❖ તા. ૨-૧-૦૮ માગશર વદ - ૧૦, પંટરપુર (મહારાષ્ટ્ર રાજ્ય)**

સવારના ૦૭.૦૦ કલાકે ટ્રેન કુર્દુવાડી રેલ્વે સ્ટેશન આવી પહોંચી હતી. અહીંયા સર્વે યાત્રાળુઓ નિત્યવિધિથી પરવારીને તૈયાર થયા હતા. કુર્દુવાડી રેલ્વે સ્ટેશનથી દક્ષિણ દિશામાં પંઢરપુર ૫૦ કિ.મી, દૂર આવેલું છે. તે માટે ૨૧ બસો દ્વારા તમામયાત્રિકોને પંઢરપુર લઈ જવામાં આવ્યા હતા. પંઢરપુરમાં તમામયાત્રિકો પહોંચતા બપોરના ૧૧.૩૦ નો સમય થઈ ગયો હતો. ભગવાન શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરના દર્શન ખૂબ ભાવપૂર્વક સર્વે યાત્રિકોએ કર્યા. ત્યાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણ બે માસ સુધી જ્યાં રહ્યા હતા તે શ્રીધર સ્વામી સમાધી મંદિરના દર્શન કર્યા. આ સિવાય પંઢરપુરના અન્ય નાનામોટા તીર્થોના દર્શન કરી તેમજ શ્રીજી મહારાજે સતત બે માસ સુધી જે નદીમાં સ્નાન કરીને પ્રસાદીભૂત બનાવેલ ચંદ્રભાગા નદીના પ્રાસાદિક જળને માથે ચડાવીને કુર્દુવાડી રેલ્વે સ્ટેશને તમામબસો સાંજના ૦૫.૦૦ કલાકે આવી ગઈ હતી. અહીંયા તમામયાત્રિકોએ ઠાકોર જમાડ્યા હતા. અને ત્યારબાદ ૦૭.૦૦ કલાકે





રેલ્વે સ્ટેશન પર સંધ્યા આરતી, સ્તુતિ-પ્રાર્થના નિત્ય નિયમકરીને સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂ. સ્વામીશ્રી તથા સાથે રહેલા સંતોએ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. ૧૦.૦૦ કલાકે સત્સંગ સભા પૂર્ણ થયા પછી તમામયાત્રિકોને સુંદર લચ્છીનું પાન કરાવવામાં આવ્યું હતું. બરાબર ૧૦.૩૦ કલાકે ટ્રેને તિરુપતિના માર્ગે જવા પ્રયાણ કર્યું હતું.

**❖ તા. ૩ થી ૬-૧-૦૮ માગશર વદ - ૧૦ થી ૧૩, તિરુપતિ-વેંકટાદ્રિ (આંધ્રપ્રદેશ)**

તા. ૩-૧-૦૮ના રોજ સાંજે ૦૫.૩૦ કલાકે તિરુપતિ રેલ્વે સ્ટેશને ટ્રેનયાત્રા પહોંચી હતી. ત્યાં તિરુપતિ દેવસ્થાન ટ્રસ્ટના સુંદર સગવડતા ભર્યા ઉતારામાં રાત્રિરોકાણ કર્યું. તા. ૪-૧-૦૮ સવારે ૭.૦૦ પૂજાપાઠ, નિત્યવિધિથી પરવારીને તિરુમલા (વેંકટાદ્રિ) પર્વત પર જવા રવાના થયા. ત્યાં ભગવાન શ્રી તિરુપતિ બાલાજીના દર્શન તમામયાત્રિકોને બહુ ટ્રાફિક ન હોવાથી ઝડપથી થઈ ગયા હતા.

તા. ૫-૧-૦૮ તિરુપતિ શહેરની અંદર રહેલ ગોંવિદરાજ સ્વામી મંદિર, કપિલેશ્વર મંદિર, રામમંદિર, ઈસ્કોન મંદિર વગેરે તીર્થોના દર્શન કર્યા. સાંજે ૦૬.૦૦ કલાકે પરત ફરીને ઠાકોરજી જમાડી તૃપ્ત થયા હતા. પછી ૦૭.૩૦ કલાકે ઉતારા ભવનના હોલમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂ. સ્વામીશ્રી અને સાથે રહેલ વડિલ સંતોએ અમૃતવાણીનું રસપાન કરાવ્યું હતું.

તા. ૬-૧-૦૮ના રોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૮ સુધી આખા દિવસમાં પૂ. સ્વામીશ્રી સંપ્રદાયના શિરમોડ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનના ટૂંકસાર રૂપી કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ રાત્રે ૧૦.૩૦ કલાકે ટ્રેનયાત્રા યાત્રિકોને લઈને મદ્રાસ(ચેન્નાઈ)ના માર્ગે આગળ ધપી હતી.

**❖ તા. ૭-૧-૦૮ માગશર વદ - ૧૪, ભૂતપુરી, શિવકાંચી-વિષ્ણુકાંચી, પક્ષીતીર્થ, મહાબલીપુરમ્, મદ્રાસ (તામિલનાડુ રાજ્ય)**

તા. ૬-૧-૦૮ના રોજ પ્રભાતકાળે વહેલી સવારે ૦૫.૦૦ કલાકે ટ્રેન મદ્રાસ રેલ્વે સ્ટેશને પહોંચી ચુકી હતી. સંતો-હરિભક્તો આદિક સહુ યાત્રાળુઓ નિત્યવિધિથી પરવારીને તૈયાર થયા હતા. ૦૭.૦૦ કલાકે ૨૧ બસો દ્વારા મદ્રાસથી મહાબલીપુરમ્, શિવકાંચી, વિષ્ણુકાંચી, પક્ષીતીર્થ, ભૂતપૂરી વગેરે તીર્થસ્થળોના દર્શન તમામયાત્રિકોને કરાવવામાં આવ્યા હતા. સાંજે ૮.૦૦ કલાકે મદ્રાસ પરત ફરીને શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શયન આરતીના દર્શન કરીને પાછા રેલ્વે સ્ટેશને આવ્યા હતા. રાત્રે ૧૧.૦૦ કલાકે ટ્રેનયાત્રા ત્રીચીનાપલ્લી જવા રવાના થઈ હતી.

**❖ તા. ૮-૧-૦૮ માગશર વદ - ૩૦, શ્રીરંગ ક્ષેત્ર - ત્રીચીનાપલ્લી (તામિલનાડુ રાજ્ય)**

તા. ૮-૧-૦૮ના રોજ પ્રાતઃકાળે ૦૭.૦૦ કલાકે ટ્રેન ત્રીચીનાપલ્લી રેલ્વે સ્ટેશને પહોંચી હતી. અહીંયાથી શ્રીરંગક્ષેત્રમાં ૧૮૫ ફોરવ્હીલ ગાડીઓ દ્વારા સર્વે યાત્રિકોને લઈ જવામાં આવ્યા હતા.શ્રીરંગક્ષેત્રમાં સર્વે યાત્રિકોએ પ્રથમબપોરે ૧૨.૦૦ કલાકે મહાપ્રભુ શ્રી નીલંકઠ વર્ણીએ જેમાં સ્નાન કરીને પ્રાસાદિક કરેલ કાવેરીગંગામાં ઠાકોરજીનો અભિષેક કરીને સમૂહ સ્નાન કર્યું. ત્યાર પછી ૦૩.૩૦ કલાકે શ્રીરંગનાથજી ભગવાનના દર્શન તેમજ શ્રી રામાનુજાચાર્યના પાર્થિવ દેહના દર્શન કર્યા અને વિશાળ મંદિરને નિહાળ્યું હતું. અહીં દર્શન માટે લાંબી લાઈનો જામે છે. ત્યાંથી ત્રીચીનાપલ્લી રોકફોર્ટ પર્વત પર શ્રી ગણેશજી મંદિરના દર્શન કર્યા. સાંજના ૦૬.૦૦ કલાકે ત્રીચીનાપલ્લી રેલ્વે સ્ટેશને પરત ફર્યા હતા. અહીંયા આરતી, સ્તુતિ વગેરે કરી હરિભક્તોએ ઠાકોર જમાડ્યા હતા અને સંતોએ ફલાહાર કર્યું હતું. સાંજે ૧૦.૩૦ કલાકે ટ્રેનયાત્રા રામેશ્વર જવા રવાના થઈ હતી.


**❖ તા. ૯-૧-૦૮ પોષ સુદ - ૧, સેતુબંધ રામેશ્વર (તામિલનાડુ રાજ્ય)**

સવારે ૭.૦૦ કલાકે ટ્રેનયાત્રા રામેશ્વર રેલ્વે સ્ટેશને પહોંચી હતી. અહીંયા પ્રથમશ્રીજીપ્રસાદીભૂત સમુદ્ર કિનારે અગ્નિતીર્થમાં સમૂહ સ્નાન કરવામાં આવ્યું હતું. ત્યાંથી સ્વામિનારાયણ મહામંત્રના નામથી ધૂન્યને વાતાવરણની સાથે ગુંજાવતા રામેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા. પછી રામેશ્વરમાં રહેલા નાના-મોટા તીર્થોના દર્શન કરીને તમામયાત્રિકો રેલ્વે સ્ટેશને પરત ફર્યા હતા. અહિંયા સાંજે ૬.૩૦ કલાકે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.સત્સંગ સભાની પૂર્ણાહુતિ કરીને ૧૦.૦૦ કલાકે ટ્રેનયાત્રા કન્યાકુમારી તરફ આગળ ધપી હતી.

**❖ તા. ૧૦-૧-૦૮ પોષ સુદ - ૨, કન્યાકુમારી (તામિલનાડુ રાજ્ય)**

સવારના ૦૭.૦૦ કલાકે ટ્રેન કન્યાકુમારીના રેલ્વે સ્ટેશને પહોંચી હતી. અહીંયાનું વાતાવરણ રમણીય અને સુંદર તેમજ ઠંડું છે. પૂજાપાઠ નિત્યવિધિથી સૌ પરવારીને તૈયાર થઈ ગયા. રેલ્વે સ્ટેશનથી એક કિલોમીટર દૂર બધા તીર્થો આવેલા છે. તેથી બસ, ફોરવ્હીલ વગેરે વાહનો દ્વારા સર્વે યાત્રિકોને ત્યાં લઈ જવામાં આવ્યા હતા.

બપોરના ૧.૦૦ વાગ્યા સુધી કન્યાકુમારીના તમામતીર્થસ્થળો તેમજ જોવાલાયક સ્થળોના દર્શન કરી યાત્રિકો રેલ્વે સ્ટેશને પરત ફર્યા હતા. માનસીપૂજા, ઠાકોરજીનો થાળ કરીને સર્વે યાત્રાળુ હરિભક્તોએ ઠાકોરજી જમાડ્યા હતા. અને સંતો-પાર્ષદોએ ફલાહાર કર્યું હતું. ત્યારબાદ ૦૬.૦૦ કલાકે દિવ્ય સત્સંગ સભા કરવામાં આવી હતી. તેમાં પૂ. સ્વામીશ્રી અને વડીલ સંતોએ પણ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સેવા આપી રહેલા ઉત્સાહી સ્વયંસેવકોને બિરદાવી આશીર્વાદરૂપે એક એકૈ ભેટ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ બરાબર ૧૧.૦૦ કલાકે ટ્રેનયાત્રા કન્યાકુમારીથી ત્રિવેન્દ્રમ્(પદ્મનાભ) તરફ આગળ વધી હતી.








**✤ તા. ૧૧-૧-૦૮ પોષ સુદ - ૩, ત્રિવેન્દ્રમ્-પદ્મનાભ (કેરલ રાજ્ય)**

સવારના ૦૩.૦૦ કલાકે ટ્રેન કેરલ રાજ્યની રાજધાની ત્રિવેન્દ્રમ્(પદ્મનાભ) રેલ્વે સ્ટેશને પહોંચી હતી. અહીંયા સર્વે યાત્રિક હરિભક્તોએ પ્રથમપદ્મનાભ ભગવાનના દર્શન ખૂબ ભાવપૂર્વક કર્યા હતા. ત્યારબાદ શહેરમાં જોવાલાયક પ્રાચીન રાજમહેલ, કોવાલયમ્ બીચ વગેરે નિહાળીને પરત ત્રિવેન્દ્રમ્(પદ્મનાભ) રેલ્વે સ્ટેશને આવ્યા હતા. ગોડી, સંધ્યાઆરતી, પ્રાર્થના, નિત્યનિયમવગેરે કરી સહુ યાત્રાળુઓએ ઠાકોરજી જમાડ્યા હતા. ત્યાર પછી ૦૭.૩૦ કલાકે સત્સંગ સભા સ્ટેશન પર રાખવામાં આવી હતી. દરેક સભા ઘણીજ દિવ્ય અને ભવ્ય રહી હતી. તેમાં પૂ. સ્વામીશ્રી અને સંતોએ પણ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અંતે ત્રિવેન્દ્રમ્માં રહેતા કચ્છી હરિભક્તોએ સંતો-ભક્તોનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. રાત્રે ૯.૦૦ કલાકે ત્રિવેન્દ્રમ્(પદ્મનાભ) રેલ્વે સ્ટેશનથી ટ્રેનયાત્રા ઉપડીને બેંગલોર તરફ રવાના થઈ હતી.

**✤ તા. ૧૩-૧-૦૮ પોષ સુદ - ૫, બેંગલોર (કર્ણાટક રાજ્ય)**

તા. ૧૧-૧-૦૮ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ત્રિવેન્દ્રમ રેલ્વે સ્ટેશનથી નીકળીને તા. ૧૨-૧-૦૮ના રોજ સાંજે ૭.૦૦ કલાકે ટ્રેનયાત્રા બેંગલોરના યશવંતપુર વિસ્તારના રેલ્વે સ્ટેશને પહોંચી હતી. ત્રિવેન્દ્રમથી બેંગલોર સુધીની મુસાફરી દરમ્યાન પૂ. સંતો દ્વારા ભજન-કીર્તન, ધૂનની રમઝટ અને કથા-વાર્તા કરીને યાત્રિકોને ભગવાન શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા તીર્થોનું માહાત્મ્ય સમજાવવામાં આવ્યું હતું. યશવંતપુર રેલ્વે સ્ટેશન પર સંધ્યા આરતી, સ્તુતિ-પ્રાર્થના નિત્ય નિયમકરીને તમામયાત્રિકોએ ઠાકોર જમાડ્યા હતા.

ત્યારબાદ સૌ કોઈ વિશ્રાંતી લઈને તા. ૧૩-૧-૦૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે બેંગલોરમાં આવેલ ઈસ્કોન મંદિર, બુલ મંદિર વગેરે મંદિરો દર્શન તેમજ વિધાનસભા ભવન, હાઈકોર્ટ કબનપાર્ક, ટીપુ સુલતાન હવેલી વગેરેને નિહાળીને રેલ્વે સ્ટેશન પરત ફર્યા હતા. અહિંયા ૬.૦૦ કલાકે સ્ટેશન પર જ વિશાળ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂ. સ્વામી તેમજ અન્ય સંતો દ્વારા ભગવાન શ્રીહરિના દિવ્ય લીલાચરિત્રોની સાથે કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સભાની સમાપ્તિ કરીને રાત્રે ૧૧.૦૦ કલાકે ટ્રેનયાત્રા મૈસુર જવા રવાના થઈ હતી.


**✤ તા. ૧૪-૧-૦૮ પોષ સુદ - ૬, મૈસુર (કર્ણાટક રાજ્ય)**


વહેલી સવારે પરોઢિયે ટ્રેનયાત્રા મૈસુર રેલ્વે સ્ટેશને પહોંચી હતી. પૂજાપાઠ નિત્યવિધિથી તમામયાત્રિકો પરવારીને તૈયાર થઈ ગયા હતા. ત્યારબાદ ૨૧ બસો દ્વારા સહુ કોઈ યાત્રિકો મૈસુરમાં આવેલ મહાજારાજા પેલેસ, મૈસુર ઈમ્પોરિયલ, શ્રીરંગ પટ્ટનમ્, ટીપુ સુલતાન મહેલ, શ્રીરંગ સ્વામી મંદિર, કૃષ્ણરાજ સાગર, વૃંદાવન ગાર્ડન વગેરેના દર્શન તેમજ જોવાલાયક સ્થળોને નિહાળીને રેલ્વે સ્ટેશન પર પાછા ફર્યા હતા.

આજે ટ્રેનયાત્રામાં નક્કી કરાયેલ દર્શનીય સ્થળોનો આ અંતિમદિવસ હતો. તેથી અહિંયા પણ રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂ. સ્વામી તેમજ અન્ય સંતો દ્વારા ભગવાન શ્રીહરિનીને આજ્ઞા-ઉપાસના તેમજ શ્રીજી સ્થાપિત સંપ્રદાયના સર્વાંગી વિકાસ સંબંધી જોરદાર વાતો કરી કથા-વાર્તાનો હરિભક્તોને દિવ્ય લાભ આપ્યો હતો. સભાની સમાપ્તિ કરીને રાત્રે ૧૦.૦૦ કલાકે મૈસુર રેલ્વે સ્ટેશનથી નીકળીને તા. ૧૬-૧-૦૭ના રોજ વહેલી સવારે ૫.૦૦ કલાકે કલ્યાણ, ત્યાંથી વસઈ વગેરે સ્ટેશનોને પસાર કરતી ટ્રેનયાત્રા સવારે ૧૧.૦૦ કલાકે સુરત પહોંચી હતી. અહિંયા સુરતના ઉત્સાહી ભક્તજનોના દ્વારા યાત્રામાં સાથે રહેલ ઠાકોરજી તેમજ પૂ. સ્વામી તથા અન્ય સંતો-ભક્તોનું ભાવપૂર્વક ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીંયા પૂ. સ્વામી વગેરે સંતો-ભક્તો ઉતર્યા હતા. તેમજ ટ્રેનયાત્રામાં સાથે રહેલ સુરતના યાત્રિકો પણ ઉતર્યા હતા. સુરતના ભક્તો દ્વારા સંતો-ભક્તોનું સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીજીનગર મંદિરે સત્સંગ સભા યોજવામાં આવી હતી.

આ બાજુ સુરતથી ટ્રેન વડોદરા, આણંદ, અમદાવાદ વગેરે સ્ટેશનોએ યાત્રિકોને ઉતારી રાજકોટ પહોંચી હતી. ત્યાં પણ રાજકોટના સત્સંગ સમાજ દ્વારા ટ્રેનયાત્રામાં જોડાયેલ સંતો-ભક્તોનું સ્વાગતપૂજન કરવામાં આવ્યું હતું.

આમ, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી અને વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને રૂડા આશીર્વાદ સહ તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રેરણાદાયક માર્ગદર્શન પ્રમાણે અને પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના અથાગ પરિશ્રમથી અને ટ્રેન સંચાલક સત્સંગી ટ્રાવેલ્સ - રાજકોટવાળા પ્રફુલભાઈ ગઢવીના સફળ મેનેજમેન્ટ પ્રમાણે તેમજ યાત્રા વ્યવસ્થાના નાના-મોટા દરેક આયોજકો, સ્વયંસેવકોની તનતોડ અને ખંતપૂર્વક સેવાથી મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ પોતાના ચરણકમળથી અંકિત કરેલ પાવનકારી દક્ષિણભારતની ધરતીના દર્શનાદિનો લાભ પ્રાપ્ત કરીને શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત "શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ યાત્રા ટ્રેન" તા. ૧૬-૧-૦૮ પોષ સુદ - ૮ના રોજ રાજકોટ જેવા શ્રીજીચરણ અંકિત પ્રસાદીના સ્થાનમાં સાંજે ૦૭.૦૦ કલાકે ઠાકોરજીની શયન આરતીના દર્શન સાથે પૂર્ણ થઈ હતી.





# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## જામવંથલીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ દેવોનો વાર્ષિક પાટોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી જામવંથલીને આંગણે તા. ૧૩ થી ૧૯-૧૨-૦૭ સુધી મંદિરમાં વિરાજમાન દેવોનો 'ભવ્ય વાર્ષિક પાટોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રીજીમહારાજ સ્વહસ્તે લીખિત વાઙ્મય સ્વરૂપ શિક્ષાપત્રી ભાષ્ય પારાયણનું અમરેલી નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રી ગોપાલમુનિદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૮-૧૨-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા હતા. સૌપ્રથમતેઓની ભવ્ય શોભાયાત્રા ગામના ભાગોળેથી મંદિર સુધી કાઢીને પ.પૂ. લાલજી મહારાજશ્રી સુસ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સંતો-ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૯-૧૨-૦૭ના રોજ સવારે ૭-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીનો કેસર-ચંદનાદિક વડે અભિષેક કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ વક્તાશ્રીએ કથાની પૂર્ણાહુતિ કરી હતી.

## ગઢપુરમાં કથા-પારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ગઢપુરને આંગણે તા. ૧૬-૧૨-૦૭ થી તા. ૨૨-૧૨-૦૭ સુધી સાંખ્યયોગી બહેનોના સંકલ્પથી પ.ભ. શ્રી વિનુભાઈ હરિભાઈ સીમરણવાળાના યજમાનપદે પૂ. શા. કોઠારી સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વક્તાપદે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણનું દાદાખાચરના દરબારગઢમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૧૯-૧૨-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. નાના લાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતમંડળ સહિત પધાર્યા હતા. પૂ. કોઠારી સ્વામી, પૂ. એસ.પી. સ્વામી આદિક વડિલ સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ફુલમાળા અર્પણ કરીને ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતોના મંગળ પ્રવચન પછી પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સભા સમાપ્તિ પછી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી શ્રી વાસુદેવનારાયણના ઓરડામાં પધારી સિંહાસનમાં વિરાજમાન ઠાકોરજીનું અર્ચન-પૂજન કરીને આરતી ઉતારી હતી. ત્યારપછી દરબારગઢના ભાવપૂર્વક દર્શન કરીને શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોની સંધ્યા આરતી ઉતારીને દર્શન કરીને ભાવનગર જવા વિદાય થયા હતા.

## ભાવનગરમાં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ભાવનગરને આંગણે ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મહિલા સત્સંગ મંડળ દ્વારા તા. ૧૬-૧૨-૦૭ થી તા. ૨૨-૧૨-૦૭ સુધી સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તા. ૧૯-૧૨-૦૭ના રોજ કથાના પ્રથમદિવસે જ પોથીયાત્રામાં વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું પૂ. વક્તાશ્રી તથા પૂ. વડિલ સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. એસ. પી. સ્વામી, પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો. પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

## સરધારધામને આંગણે વિશાળ ભક્તસમુદાયની ઉપસ્થિતિમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ-૨૦૦૭



સુપ્રસિધ્ધ તીર્થધામસરધારને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તા. ૨૩-૧૨-૦૭ના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી 'ભવ્ય શાકોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આજથી ૨૦૦ વર્ષ પૂર્વ ભગવાન શ્રી સ્વામિનારાયણે લોયા ગામને આંગણે ૬૦ મણ રીંગણાને ૧૮ મણ શુદ્ધ ઘીમાં વઘારીને શાકોત્સવ કરેલો હતો તે પરંપરાને એ શાકોત્સવની અનેરી પરંપરાને સ્મૃતિપથમાં જાળવી રાખવા માટે આજે સંપ્રદાયમાં ઠેર ઠેર સ્થળો શાકોત્સવોના આયોજન યોજાતા રહે છે. તેના જ એક ભાગ રૂપે તીર્થધામમાં સરધારમાં પણ આવા એક દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શાકોત્સવમાં પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી-અમરેલી, પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા આદિક સંતોએ સત્સંગ કથા-વાર્તાનો દિવ્ય લાભ આપ્યો હતો. સાથે સાથે દેશી કાઠિયાવાડી ભાણું એટલે રીંગણાનું શાક અને બાજરાના રોટલાના મહાપ્રસાદ ગ્રહણ કરવાનો અનેરો લાભ વિશાળ સંખ્યા ભક્ત સમુદાયે લીધો હતો.

## ખેડાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિ ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

તા. ૨૩-૧૨-૦૭ના રોજ શ્રીજીમહારાજના પુનિત ચરણારવિંદથી પાવન થયેલ ખેડા શહેર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીની દિવ્ય સંન્નિધિમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સંતો-ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. પુરાણી સ્વામી, પૂ. ઘનશ્યામસ્વામી, પૂ. વકિલ સ્વામી આદિક સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વાપીમાં ઉજવાયેલ દેવોનો વાર્ષિક પાટોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી વાપીને આંગણે તા. ૨૨ થી ૨૪-૧૨-૦૭ સુધી મંદિરમાં વિરાજમાન દેવોનો 'ભવ્ય વાર્ષિક પાટોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રીજીમહારાજ સ્વહસ્તે લીખિત વાઙ્‌મય સ્વરૂપ શિક્ષાપત્રી ભાષ્ય પારાયણનું અમરેલી નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી શ્રી ગોપાલમુનિદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૪-૧૨-૦૭ના રોજ સવારે ૭-૦૦ કલાકે ઠાકોરજીનો કેસર-ચંદનાદિક વડે અભિષેક કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ વક્તાશ્રીએ કથાની પૂર્ણાહુતિ કરી હતી.

## બગસરાને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી બગસરાને આંગણે તા. ૨૭ થી ૩૦-૧૨-૦૭ સુધી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું.

તા. ૩૦-૧૨-૦૭ના રોજ શાકોત્સવ રાખવામાં આવ્યો હતો. તેમાં પૂ. સંતોએ શ્રીજીમહારાજે કરેલ શાકોત્સવ લીલાચરિત્રોના માધ્યમથી કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## અમરેલીને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી અમરેલીને આંગણે તા. ૩૦-૧૨-૦૭ના રોજ પૂ. સ.ગુ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના માર્ગદર્શન પ્રમાણે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી આદિક પૂ. સંતો-ભક્તોએ સત્સંગ કથા-વાર્તાનો અનેરો લાભ આપ્યો હતો.

આ શાકોત્સવ પ્રસંગે હમણા તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા ભાજપના ઉમેદવાર મા. શ્રી દિલિપભાઈ સંઘાણી પધાર્યા હતા. તેઓનું પુષ્પમાળા તેમજ શિલ્ડ અર્પણ કરીને પૂ. સ્વામીએ બહુમાન કર્યું હતું.

અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## કારવણને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિ ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ

તા. ૦૬-૦૧-૦૮ના રોજ કારવણ ગામને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીની દિવ્ય સંન્નિધિમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ પૂ. સંતો-ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. ઘનશ્યામસ્વામી આદિક સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## સોજીત્રામાં યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૦૬-૦૧-૦૮ના રોજ સોજીત્રા ગામનો આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજીની દિવ્ય સંન્નિધિમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ઝયારબાદ પૂ. સંતો-ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. ઘનશ્યામસ્વામી આદિક સંતોના માંગલિક ઉદ્‌બોધન બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સત્સંગ સભાના અંતમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનોએ ઠાકોરજીને ધરાલેવા રીંગણાના શાકના મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## વેડરોડ (સુરત)માં યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ભાવનગરને આંગણે ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મહિલા સત્સંગ મંડળ દ્વારા તા. ૦૯-૦૧-૦૮ થી તા. ૧૫-૦૧-૦૮ સુધી સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું બગસરા નિવાસી પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના કૃપાપાત્ર શિષ્ય પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા. ૧૨-૦૧-૦૮ના રોજ કથાના પ્રથમદિવસે જ પોથીયાત્રામાં વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું પૂ. વક્તાશ્રી તથા પૂ. વડિલ સંતો-ભક્તો દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ. એસ. પી. સ્વામી, પૂ સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો

# ।। ભવ્ય ખાતમુહૂર્તવિધિ ।।

**કોસંબા(સુરત) :- તા. ૦૪-૦૨-૨૦૦૮, પોષ વદ - ૧૨ મો. ૯૯૭૮૧ ૪૭૦૯૯**

---

**ચાલો ઘાટકોપર...** **પધારો ઘાટકોપર....**

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
દિવ્ય સાંનિધ્યમાં મુંબઈ પરાવિસ્તારમાં યોજાતી

# ।। દ્વિમાસિક સત્સંગ સભા ।।

**તારીખ :-** તા. ૧૦-૨-૦૮, મહા સુદ - ૪ **સમય :-** સાંજે ૪ થી ૭

સ્થળ :- 'ગુરુકુલ ટેકનીકલ હાઈસ્કુલ' તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ) સંપર્ક : મો. ૯૮૩૩૧૪૬૯૮૪, ૯૮૬૭૪૯૧૯૧૦

---

**ચાલો ભાક્ષી ભંડારીયા ...** ।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।। **પધારો ભાક્ષી ભંડારીયા...**

ગઢપુરથી શ્રીજી મહારાજ સંતો-ભક્તોની સાથે દાદાખાચરની જાન લઈને ભટ્ટવદર જતા રસ્તામાં આવેલ ગામ ભંડારીયા (તા. રાજુલા)માં
યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલ શ્રી હનુમાનજી મહારાજના સ્થાપનાનો

-: પ્રારંભ :-
તા. ૨૬-૪-૦૮,
ચૈત્ર વદ - ૬

-: પૂર્ણાહુતિ :-
તા. ૪-૫-૦૮,
ચૈત્ર વદ - ૧૪

# ભવ્ય શતામૃત મહોત્સવ

ઉપક્રમે

## શ્રીરામચરિત્ર માનસ નવાહ્ન પારાયણ



ભગવાન શ્રી સ્વામિનારાયણ



યોગમૂર્તિ સ.ગુ.
શ્રી ગોપાળાનંદ સ્વામી



અધ્યક્ષ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ



ઉપાધ્યક્ષ
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
વડતાલ



શ્રી હનુમાનજી મહારાજ
ભંડારીયા

-: વક્તા :-

પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**નિમંત્રક :-** ભંડારીયા શ્રી હનુમાનજી દેવ મંદિર વતી શ્રી રણછોડભાઈ રમેશભાઈ સાવલીયા (આદસંગ)

સ્થળ :- મુ. ભાક્ષી ભંડારીયા, સાવરકુંડલા-રાજુલા રોડ, થોરડી ગામપાસે, તા. રાજુલા. જી. અમરેલી. મો. ૯૮૨૫૦ ૪૭૫૧૨

Shree Swaminarayan Chintan, January -2007 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ દક્ષિણ ભારતની

## ચતુર્થ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા - ૨૦૦૮

૧. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર યાત્રિકોને આશીર્વાદ આપવા પધારેલા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૨. પંઢરપુર (મહારાષ્ટ્ર) રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા પૂ. સંતો. ૩. તિરુપતી (આંધ્રપ્રદેશ)માં તિરુમલા દેવ સંસ્થાના સત્સંગ હોલમાં શ્રીમદ્ સત્સંગિજીવનનું રસપાન કરાવતા પૂ. સ્વામી. ૪. શ્રીરંગ ક્ષેત્ર (તામિલનાડુ)રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં પૂ. સ્વામી તથા સંતો-ભક્તો. ૫. રામેશ્વર (તામિલનાડુ) રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં ભક્તજનોને કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા પૂ. સંતો. ૬. ભારતનો દક્ષિણ દિશાનો સૌથી છેલ્લો છેડો એટલે કન્યાકુમારી (તામિલનાડુ)ના રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં ઉપસ્થિત તમામયાત્રિકો તથા પૂ. સંતો. ૭. ત્રિવેન્દ્રમ-પદ્મનાભ (કેરલ) રેલ્વે સ્ટેશન પર સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા પૂ. સંતો. ૮. બેંગલોર (કર્ણાટક)ના યશવંતપુર વિસ્તારના રેલ્વે સ્ટેશન પર યાત્રિકોને તીર્થ મહિમાની સાથે કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા પૂ. સંતો.

છબીકલા : જયેશ પોરીયા - કાંદિવલી, મો. ૦૯૩૨૪૦૬૦૯૪૭

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot.
and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

Shreeji Art (079) 26580916, 9879606686